અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ માર્ચ ૨૦૨૪, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ ૬

વર્ષ : ૧૫
અંક : ૨૩૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સર્વોચ્ચ સન્માન ભારત રત્નથી નવાજ્યા**

## નરસિમ્હા રાવ, ચૌધરી ચરણ સિંહ, કર્પુરી ઠાકુર અને સ્વામીનાથનને ભારત રત્ન એનાયત કરાયા

**આ પ્રસંગે રાષ્ટ્રપતિ ભવન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સાથે ઘણા લોકો હાજર રહ્યા હતા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશની ચાર મહાન હસ્તીઓને દેશના સર્વોચ્ચ સન્માન ભારત રત્નથી નવાજ્યા છે. આ ચાર વ્યક્તિઓને રાષ્ટ્રપતિ મુર્મુ દ્વારા ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો છે. શનિવારે દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક સમારોહમાં રાષ્ટ્રપતિ મુર્મુએ બિહારના બે વખતના મુખ્યમંત્રી જનનાયક કર્પુરી ઠાકુર, પૂર્વ વડાપ્રધાન પીવી નરસિમ્હા રાવ, પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહ અને દેશના પ્રખ્યાત કૃષિ વૈજ્ઞાનિક એમએસ સ્વામીનાથનને ભારત રત્નથી સન્માનિત કર્યા. તે તમામને મરણોત્તર પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાષ્ટ્રપતિ ભવન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સાથે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વિદેશ મંત્રી એસ જયશંકર,





બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને અન્ય ઘણા લોકો હાજર હતા. આ સાથે તમામ લોકોના પરિવારજનોએ પણ આ સન્માન મેળવવા માટે ભાગ લીધો હતો જે મરણોત્તર આપવામાં આવી રહ્યું છે. આ દરમિયાન કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનું તાળીઓના ગડગડાટથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂર્વ વડાપ્રધાન નરસિમ્હા રાવને આપવામાં આવેલ ભારત રત્ન પુરસ્કાર તેમના પુત્ર પીવી પ્રભાકર રાવે સ્વીકાર્યો હતો. ચૌધરી ચરણ સિંહ વતી તેમના પૌત્ર અને રાષ્ટ્રીય લોકદળના અધ્યક્ષ જયંત ચૌધરીએ આ એવોર્ડ સ્વીકાર્યો. આ સાથે તેમની પુત્રી નિત્યા રાવે સ્વામીનાથન વતી રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવ્યો હતો. તમને જણાવી દઈએ કે આ વર્ષે કેન્દ્ર સરકારે પીવી નરસિમ્હા રાવ, પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહ અને કૃષિ વૈજ્ઞાનિક એમએસ સ્વામીનાથન તેમજ પૂર્વ નાયબ વડાપ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્ન પુરસ્કાર આપવાની જાહેરાત કરી હતી. પરંતુ સ્વાસ્થ્યના કારણોસર લાલકૃષ્ણ અડવાણી શનિવારે યોજાયેલા સન્માન સમારોહમાં હાજર રહ્યા ન હતા. કહેવામાં આવી રહ્યું છે કે અડવાણીને તેમના ઘરે જઈને આ સન્માનથી સન્માનિત કરવામાં આવશે.

### ન્યૂઝ બ્રિફ

#### દૂધસાગર ડેરીએ દુધના ફેટના ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો કર્યો

। મહેસાણા, તા.૩૦ ।

નવા ફાઈનાન્શિયલ વર્ષ પહેલા જ ઉત્તર ગુજરાતની સૌથી મોટી ડેરીએ પશુપાલકોને મોટી ભેટ આપી છે. દૂધસાગર ડેરીએ દૂધ ઉત્પાદકોના દૂધના ભાવમાં વધારો કર્યો છે. દૂધસાગર ડેરીએ દૂધના ભાવમાં કિલોફેટે ૧૦ રૂપિયાનો વધારો કર્યો છે. દુધસાગર ડેરીએ દૂધના ભાવ કિલોફેટે ૮૧૦ થી વધારી ૮૨૦ રૂપિયા કર્યા છે. આ ભાવ વધારો પહેલી એપ્રિલથી લાગુ થશે. મહેસાણાની દૂધસાગર ડેરીની વધુ એક મોટી પહેલ કરી છે. ખેડૂતોના હિતમાં દૂધસાગર ડેરીએ મોટું એલાન કર્યું છે.

#### યુક્રેનના વિદેશ મંત્રી દિમિત્રો કુલેબા તેમની બે દિવસીય મુલાકાતે ભારત પહોંચ્યા

। નવીદિલ્હી, તા.૩૦ ।

યુક્રેનના વિદેશ મંત્રી દિમિત્રો કુલેબા તેમની બે દિવસીય મુલાકાતે ભારત પહોંચી ગયા છે. આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે. દિલ્હી પહોંચ્યા બાદ કુલેબાએ કહ્યું કે રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી અને પીએમ મોદી વચ્ચેની વાતચીતને આગળ વધારશે અને શાંતિ સ્થાપિત કરવાનો પ્રયાસ કરશે. આ દરમિયાન કુલેબા ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરને પણ મળ્યા હતા.

**ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ફાયદો થશે**

## એલપીજી સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળતું રહેશે

**આ સબસિડી મુક્તિ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી હતી, પરંતુ સરકારે આ રાહતને ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી લંબાવી છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

નવું નાણાકીય વર્ષ ૧લી એપ્રિલથી શરૂ થવા જઈ રહ્યું છે. નાણાકીય વર્ષના પ્રથમ દિવસથી ઘણા નિયમોમાં ફેરફાર થવા જઈ રહ્યા છે. આવો જ એક નિયમ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) સાથે સંબંધિત છે.

ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન એલપીજી સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળતું રહેશે. તમને જણાવી દઈએ કે આ સબસિડી મુક્તિ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી હતી, પરંતુ તાજેતરમાં જ સરકારે આ રાહતને ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી લંબાવી છે. આ નવા નાણાકીય વર્ષના પ્રથમ દિવસ એટલે કે ૧ એપ્રિલ, ૨૦૨૪થી અમલમાં આવશે. તમને જણાવી દઈએ કે લાભાર્થી વર્ગને વર્ષમાં ૧૨ રિફિલ આપવામાં આવે છે. આ અંતર્ગત ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાની સબસિડી આપવામાં આવે છે. સબસિડી લાયક લાભાર્થીઓના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. આ રીતે ઉજ્જવલા લાભાર્થીઓને સામાન્ય ગ્રાહકો કરતાં ૩૦૦ રૂપિયા સસ્તા સિલિન્ડર મળે છે. તમને જણાવી દઈએ કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકારનો કુલ ખર્ચ ૧૨,૦૦૦ કરોડ રૂપિયા રહેશે. ગ્રામીણ અને વંચિત ગરીબ પરિવારોને ધ્યાનમાં રાખીને સરકારે મે ૨૦૧૬માં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના શરૂ કરી હતી. આ યોજનામાં ૧ માર્ચ, ૨૦૨૪ સુધી ૧૦.૨૭ કરોડથી વધુ લાભાર્થીઓ છે. તમને જણાવી દઈએ કે ભારત તેની LPG જરૂરિયાતના લગભગ ૬૦ ટકા આયાત કરે છે.

**ભાજપે ઈલેક્શન મેનિફેસ્ટો માટે બનાવી સમિતિ**

## રાજનાથસિંહની અધ્યક્ષતામાં ૨૭ મંત્રી તૈયાર કરશે ચૂંટણી ઢંઢેરો

**રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ ચૂંટણી ઢંઢેરા સમિતિની રચના કરી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ભાજપે લોકસભા ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરા સમિતિની જાહેરાત કરી છે. તેની સમિતિનું નેતૃત્વ રાજનાથ સિંહ કરશે. જ્યારે નિર્મલા સીતારમણ સમિતિના કન્વીનર હશે. પીયૂષ ગોયલને સહ-સંયોજકની જવાબદારી સોંપવામાં આવી છે. મળતી માહિતી મુજબ ભાજપની આ ચૂંટણી ઢંઢેરાની સમિતિમાં કુલ ૨૭ સભ્યો હશે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવની સાથે પૂર્વ સીએમ શિવરાજ સિંહ ચૌહાણને પણ સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે. ભાજપની ચૂંટણી ઢંઢેરાની સમિતિમાં અર્જુન મુંડા, ભૂપેન્દ્ર યાદવ, સ્મૃતિ ઈરાની, અર્જુનરામ મેઘવાલ, કિરેન રિજિજુ, અશ્વિની વૈષ્ણવ, ધર્મેન્દ્ર પ્રધાન, ભૂપેન્દ્ર પટેલ, હિમંતા બિસ્વા સરમા, વિષ્ણુદેવ સાંઈ, રવિશંકર પ્રસાદ, સુશીલ મોદી, કેશવ પ્રસાદ, રાજેન્દ્રસિંહ જાડેજાના નામ મુખ્ય છે. આ ઉપરાંત વિનોદ તાવડે, રાધામોહન દાસ, ઓપી ધનખર, અનિલ એન્ટોની, તારિક મન્સૂર વગેરેનો પણ આ સમિતિમાં સમાવેશ કરાયો છે. સમાવેશ થાય છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ ચૂંટણી ઢંઢેરા સમિતિની રચના કરી છે. આ સમિતિમાં કેન્દ્રીય મંત્રીઓ, મુખ્યમંત્રીઓ અને પૂર્વ મુખ્યમંત્રીઓને પણ સામેલ કરવામાં આવ્યા છે. ચૂંટણી ઢંઢેરાની સમિતિમાં લગભગ તમામ રાજ્યોના નેતાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ સમિતિ ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરશે.

**બીજુ જનતા દળને મોટો ઝટકો લાગ્યો**

## અનુભવ મહાંતિએ પાર્ટીના સભ્યપદેથી રાજીનામું આપ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

લોકસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ નેતાઓ માટે જાણે પક્ષપલટાની ઋતુ આવી ગઈ છે. આ સૌની વચ્ચે એક રાજ્યમાં સત્તાધારી પાર્ટી બીજેડી મોટી મુશ્કેલીમાં મૂકાઈ ગઈ છે. ઓડિશામાં સત્તાધારી પક્ષ બીજુ જનતા દળ (બીજેડી) ને શનિવારે મોટો ઝટકો લાગ્યો. પાર્ટીના કેન્દ્રાપડા લોકસભા બેઠક પરથી વર્તમાન સાંસદ તથા લોકપ્રિય અભિનેતા અનુભવ મહાંતિએ પાર્ટીના સભ્યપદેથી રાજીનામું આપી દીધું હતું. જોકે ફક્ત સાંસદ અનુભવ મહાંતિ જ નહીં પણ કોરઈ વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય આકાશ દાસ નાઈક અને ભુવનેશ્વરથી પૂર્વ ધારાસભ્ય પ્રિયદર્શી મિશ્રાએ પણ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. પ્રિયદર્શી મિશ્રા ભાજપમાં જોડાયા છે. જોકે અન્ય બે અભિનેતાથી નેતા બનેલા આકાશ તથા અનુભવ હાલ તેમની સ્થિતિ સ્પષ્ટ કરી શક્યા નથી. જોકે ચર્ચા એવી છે કે બંને ભાજપમાં જોડાઈ શકે છે. અગાઉ ઓડિશાના અભિનેતા અને પૂર્વ સાંસદ સિદ્ધાંત મહાપાત્ર, અરિંદમ રાય પણ બીજેડીથી રાજીનામું આપી ચૂક્યા હતા. માહિતી અનુસાર બીજેડીના સાંસદ અનુભવ મહાંતિએ તેમનું રાજીનામું બીજેડી પ્રમુખને મોકલી દીધું છે.

**ભાજપ સરકારમાં ઓલરેડી ૪ મંત્રી કોંગ્રેસી મૂળના**

## ભાજપમાં હાંડલા કુસ્તી થશે, ચાવડા અને મોઢવાડીયા જીત્યા તો બગાડશે ખેલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી વનવે જીતવા માટે ભાજપે ઓપરેશન લોટસ ચલાવ્યું છે. કોંગ્રેસના કદાવર નેતાઓને ખેરવીને ભાજપે કોંગ્રેસને નબળી તો પાડી દીધી છે પણ હવે ખરી લડાઈ કોંગ્રેસમાં નહીં પણ ભાજપમાં લડાવાની છે. આગામી દિવસોમાં સૌથી ખરાબ સ્થિતિ ભાજપમાં હશે. લોકસભાની ચૂંટણી પહેલાં જે ઉભરા ઠલવાઈ રહ્યાં છે એ માટે જવાબદાર પણ ભાજપ જ છે. એક સમયે ગાભા મારું જેવા શબ્દોથી નવાજાતા ભાજપના સંનિષ્ઠ કાર્યકરો હવે મજૂરિયા તરીકે સોશિયલ મીડિયામાં ઓળખાઈ રહ્યાં છે. ભાજપ હવે રીતસરની કોંગ્રેસ યુક્ત બની ગઈ છે.

રાજ્ય સરકારના ૧૬ મંત્રીઓમાં પહેલાંથી જ ત્રણ કેબિનેટ, એક રાજ્યકક્ષા એમ ચોથા ભાગના મંત્રીઓ કોંગ્રેસી મૂળના છે. હવે ભાજપે અર્જુન મોઢવાડિયા અને સી. જે ચાવડાને પણ મંત્રીપદની લાલચમાં જ ભાજપમાં જોડ્યા છે. આ પહેલાં પણ મંત્રી પદ ઈન વેઈટિંગમાં બેઠા છે એવા હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરના લીલીપેનથીસહીકરવાનાસપનાંતૂટીરહ્યાંછે. પેટા ચૂંટણીમાં મોઢવાડિયા અને ચાવડા જીતી ગયા તો સરકારના મંત્રીમંડળના વિસ્તરણમાં સૌથી વધુ ડખા ભાજપમાં એમાં પણ આયાતી નેતાઓમાં થવાના છે. હવે ભાજપ એ સતત કોંગ્રેસ યુક્ત બનતું જાય છે. હવે જૂના કોંગ્રેસીઓને ટેન્શન આવી ગયું છે કે કોને ચાન્સ મળશે. આ પહેલાં હાર્દિક અને અલ્પેશ ઠાકોર પણ લીલીપેનથી સહી કરવાની લાલચમાં ભાજપમાં જોડાયા હતા. અલ્પેશે તો એકવાર ઠાકોર સમાજના મુખ્યમંત્રીનો પણ જાહેરમાં બફાટ કરતાં ભાજપે ટિકિટ કાપીને બદલો લીધો હતો.



# પરિમલ ગાર્ડન ખાતે સ્વિપ પ્રવૃત્તિ અંતર્ગત મતદાર જાગૃતિ અભિયાન




લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અન્વયે સ્વિપ નોડલ ઓફિસર તેમજ અમદાવાદ શહેરના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરમાં વિવિધ સ્થળોએ નાગરિકોમાં મતદાન જાગૃતિ માટે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. આવી જ એક પ્રવૃત્તિના ભાગરૂપે અમદાવાદના પરિમલ ગાર્ડન ખાતે મોટી સંખ્યામાં બુદ્ધિજીવીઓ, ડોકટરો, વકીલો તેમજ સીનીયર સીટીઝન વડીલોને મતદાન જાગૃતિની સમજ આપવામાં આવી હતી તેમજ ફરજિયાત મતદાનના શપથ લેવડાવવામાં આવ્યા હતા. સ્વિપ મદદનીશ નોડલ ઓફિસર ડૉ. એમ.આર.કુરેશી દ્વારા મતદાન જાગૃતિ અંગે ઉપસ્થિતોને શપથ લેવડાવવામાં આવ્યા હતા. હાઉસ ઓફ ચેરિટી ગ્રુપના ચેરમેન શ્રી ભવ્ય શાહે પણ આ પ્રવૃત્તિમાં સહભાગી થઈને લોકોને મતદાન જાગૃતિ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ચાકલીયા પોલીસે ઈકો ગાડીમાં લઈ જવાતો ગેરકાયદેસર દારૂનો જથ્થો ઝડપી પાડયો : એક આરોપી ઝડપાયો

। પંકજ પંડિત ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ જે.કે. રાઠોડ પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગમા હતા તે દરમ્યાન તેમને બાતમી મળેલ હતી કે એક ઈકો ગાડી જેનો નંબર પ્ન-૩૮-મ-૪૮૩૧ જે મધ્યપ્રદેશના સાતફેરા તરફથી આવી રહેલ છે જેમાં બે ઈસમો ગેરકાયદેસર દારૂનો જથ્થો લઈ ચાકલીયા થઈ નીકળનાર છે જેથી બાતમી મળતા પી.એસ.આઈ જે. કે. રાઠોડ દ્વારા વધુ કડક પણે ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતુ.

બાતમી મુજબનું વાહન આવતા પોલીસ દ્વારા કાળાપીપળ પાસે નવો કોરિડોર બની રહેલ છે ત્યાંથી વાહન દૂરથી આવતા દેખાતા તેને રોકવા ઈસારો કરાતા ઈકો ચાલક ગાડી દોડાવી નાસી જવાની કોશિશ કરતા પોલીસ દ્વારા પીછો કરી ગાડીને પકડી પાડવામાં આવેલ હતી. ગાડીમાં બે સવાર ઈસમો પૈકી એક ઈસમ સુનીલ બાલુભાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ભુરિયા (ટાઢાગોળા, મહુડા ફળીયુ, ઝાલોદ) પકડાઈ ગયેલ હતો. તેમજ અન્ય બે ફરાર આરોપી પંકજ ભુરીયા (ટાઢાગોળા), મુકેશ કાળીયા મોહનીયા (સાતસેરા, મધ્યપ્રદેશ) વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. તેમજ ઈકો ગાડી માથી બિયરની કુલ ૮ પેટી જેમાં ૨૪૦ બોટલ જેની કિંમત કિંમત ૩૧૬૮૦, ૩૦૦૦ નો મોબાઈલ, ૧૫૦૦૦૦ ની ઈકો ગાડી થઈ કુલ ૧૮૪૬૮૦ નો મુદ્દામાલ ઝડપી પાડવામાં ચાકલીયા પોલીસને સફળતા મળેલ છે.

### AMCની તિજોરી ઉપર કરોડનું દેવું, પરિસ્થિતિ હળવી કરવા ભાજપ સત્તાધીશો દ્વારા પ્રયત્ન

## ૨૨૦૦ કરોડનું દેવું દુર કરવા રીવરફ્રન્ટની કરોડોની જમીન ઉદ્યોગપતિઓને નજીવા દરે આપવાની સાજીસ

। અમદાવાદ, તા.૩૦ ।

વર્ષ ૧૯૯૭માં સાબરમતી રિવરફ્રન્ટ કોર્પોરેશન લી. ની પબ્લીક લી. કંપની તરીકે રચના કરવામાં આવેલ હતી ત્યારબાદ વર્ષ ૨૦૦૩ માં તે પ્રોજેક્ટની શરૂઆત કરતી વખતે ૧૦૦૦ દિવસમાં પૂર્ણ કરવાની જાહેરાત કરાયેલ હતી પરંતુ આજે પણ તે પ્રોજેકટ પુરો થઈ શક્યો નથી રીવરફ્રન્ટ પ્રોજેકટ માટે ૨૦૦૫-૦૬ થી ડીસે-૨૦૨૩ સુધીમાં મ્યુ.કોર્પો. દ્વારા સાબરમતી રીવરફ્રન્ટ લી. ને ૨૨૦૦ કરોડથી વધુ રકમની લોન પણ આપવામાં આવેલ છે. આ રકમમાં વ્યાજની રકમ સામેલ નથી વ્યાજની રકમ ઉમેરતાં લોનની રકમ અધધધ થઈ જવા પામે હાલ મ્યુ.કોર્પોના માથે ૯૫૭ કરોડનું દેવું ઉભું જ છે ત્યારે એક તરફ સત્તાધારી પક્ષ ભાજપની ટ્રીપલ એન્જીન સરકારની સુફિયાણી વાતો કરે છે અને બીજી તરફ ૩૪૦૦૦ કરોડ જેટલી ઓકટ્રોયની ગ્રાન્ટની બાકી રકમ રાજ્ય સરકાર પાસેથી વસૂલવા અસક્ષમ છે જો ઓકટ્રોયની ગ્રાન્ટની બાકી રકમ વસુલવામાં આવે તો મ્યુ.કોર્પો અને તેની સંલગ્ન તમામ સંસ્થાઓ આર્થિક રીતે સધ્ધર બની જાય.

હાલમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોની આર્થિક પરિસ્થિતિ કથળવા પામેલ છે હાલ મ્યુ.કોર્પો ની તીજોરી પર રુપિયા ૯૫૭ કરોડનું દેવું કરવાની નોબત આવી છે તેમજ તાજેતરમાં વર્લ્ડ બેંક પાસેથી રુપિયા ૩૦૦૦ કરોડની લોન લેવાની ફરજ પડેલ છે અને બીજી તરફ સાબરમતી રીવરફ્રન્ટ કોર્પો.ને ૨૨૦૦ કરોડની લોન આપવામાં આવે તે કોઈ પણ રીતે સુસંગત નથી. આ પ્રોજેકટ માટેનું તમામ નાણાંકીય ભારણ ખરેખર તો રાજ્ય સરકારે ઉઠાવવું જોઈએ અમદાવાદ શહેરની શોભામાં અભિવૃધ્ધિ કરનાર રીવરફ્રન્ટ પ્રોજેકટ માટે કેન્દ્ર સરકાર કે રાજ્યસરકાર દ્વારા કોઈ પણ જાતની નાણાંકીય મદદ કરેલ નથી તેમજ રીવરફ્રન્ટની જમીનનું વેચાણ કરવા રાજ્ય સરકાર દ્વારા મોટો વિલંબ કરવામાં આવેલ તેને કારણે પ્રતિદિન સાબરમતી રીવરફ્રન્ટ કોર્પો. ઉપર નાણાંકીય ભારણ વધવા પામેલ છે. જેને કારણે મ્યુનિ.કોર્પોની પ્રાથમિક સુવિધાઓ સારી રીતે ઉપલબ્ધ કરાવવામાં વિલંબ થયેલ છે. જે સત્તાધારી ભાજપ માટે શરમજનક બાબત છે. ભાજપ દ્વારા ત્રિપલ એન્જીન સરકારની વારંવાર દુહાઈ દેવામાં આવે છે. તે ત્રિપલ એન્જીનની રાજ્ય સરકાર પાસેથી ઓકટ્રોયની ગ્રાન્ટની બાકી રકમ તાકીદે વસુલવામાં આવે તો મ્યુ.કોર્પો ઉપર કોઈ નાણાંકીય ભારણ રહેવા ના પામે. હવે જ્યારે સાબરમતી રીવરફ્રન્ટ ઉપર રુપિયા ૨૨૦૦ કરોડનો નાણાંકીય બોજો છે. તે બોજો દુર કરવા, તેમજ મ્યુનિ.કોર્પોની તીજોરીની પરિસ્થિતિ હળવી કરવા માટે ભાજપના સત્તાધીશો દ્વારા રીવરફ્રન્ટની મૌકાની જમીનો પોતાના માનીતા દેશ વિદેશના ઉદ્યોગપતિઓને નજીવા ભાવે લીઝ ઉપર આપવાની સાજીસ કરેલ છે. જેને કારણે કરોડોના ભાવની જમીનો સામાન્ય સસ્તા દરે આપી ભષ્ટ્રાચાર આચરવાનો હીન પ્રયત્ન કરેલ છે તેને કોંગ્રેસ પક્ષ સખ્ત શબ્દોમાં વિરોધ કરી વખોડી કાઢે છે.

### ઘરેણાંની ચકાસણી થતા ખોટું સોનું હોવાનું સામે આવ્યું

## બેન્ક ઓફ બરોડાના ચેકરે ગ્રાહકો સાથે મળી છેતરપિંડી આચરી હતી

### ડુપ્લીકેટ સોનાના ઘરેણાંના સાચા હોવાનું સર્ટિફિકેટ આપી ઘરેણાં પર લોનના રૂપિયા લઈ લેતા હતા

। (એજન્સી) કીમ, તા.૨૯, તા.૩૦ ।

બેન્ક ઓફ બરોડાના ચેકરે ગ્રાહકો સાથે મળી છેતરપિંડી કરવાની ઘટના સામે આવી છે. ડુપ્લીકેટ સોનાના ઘરેણાંના સાચા હોવાનું સર્ટિફિકેટ આપી ઘરેણાં પર લોનના રૂપિયા લઈ લેતા હતા. બેંક ઈન્સ્પેકસન ઘરેણાંની ચકાસણી કરવામાં આવતા ખોટું સોનું હોવાનુ સામે આવતા પોલીસે સમગ્ર મામલે આરોપીએ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

આમ તો છેતરપીંડીના કિસ્સાઓ જોયા અને સાંભળ્યા હશે. આપ સૌ એક જાહેરાત પણ જોઈ હશે જેમાં બેન્કમાં એક બંદૂકની અળીએ લૂંટ ચલાવે છે. અને લૂંટ ચલાવનારા બેન્કનો વોચમેન જ નીકળે છે. એટલે કહે છે કે ચોકદાર હી ચોર નિકલા. આવો જ એક કિસ્સો સુરત જિલ્લામાં સામે આવ્યો છે. ઓલપાડની કીમ ગામે આવેલ બેક્ર ઓફ બરોડા દ્વારા સોનાની ઘરેણાંની પરખ માટે એક વેલ્યુઅર એટલે કે સોનીને હાયર કરવામાં આવ્યો હતો. બેંકમાં જ્યારે કોઈ ગ્રાહક સોનાના ઘરેણાં પર લોન પર રૂપિયા લેવા આવે ત્યારે વેલ્યુઅર ચેકર દ્વારા તેની કિંમત આંકવામાં આવે છે. સમગ્ર કિસ્સામાં ભાંડો ત્યારે ફૂટે છે જ્યારે બેન્કની ઓડિટ આવે છે અને બેંકના મેનેજર દ્વારા અન્ય વેલ્યુઅરને ઘરેણાં ચકાસણી માટે બોલાવવામાં આવે છે. ચકાસણી દરમ્યાન સોનુ ડુપ્લીકેટ હોવાનું સામે આવ્યું હતું. ત્યારે બેન્ક મેનેજર દ્વારા અન્ય ઘરેણાંઓની ચકાસણી કરવામાં આવતા મુખ્યત્વે ઘરેણાઓ ખોટા હોવાનું સામે આવ્યું હતું. ત્યારે બેક્ર મેનેજર દ્વારા સમગ્ર મામલે બેક્રના વેલ્યુઅર તેમજ ગ્રાહકો સામે ફરિયાદ નોંધવામાં આવી હતી.

બેન્ક મેનરેજ દ્વારા કીમના ચેકર સુરેશ એસ સોની સહિત ૧૮ જેટલા ગ્રાહકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. કુલ ૮૯ લાખથી વધુ રકમ અંગે છેતરપીંડીનો ગુનો નોંધી કીમ પોલીસ દ્વારા અગાઉ ૮ જેટલા આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે સમગ્ર ગુનાનો મુખ્ય આરોપી સુરેશ સોની નાસતો ફરતો હતો. જેને કીમ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો.

### સિંહ અને દીપડાના લટર મારતા વીડિયો વાયરલ થયા છે

## સિંહ બાદ દીવમાં દેખાયો દીપડો, CCTVમાં ઘટના થઇ કેદ

। (એજન્સી) અમરેલી, તા.૩૦ ।

અમરેલી, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાનાં ગામડામાં તેમજ દીવમાં સિંહ પહોંચી ગયા છે. તેમજ રાજકોટ, ચોટલીમાં સિંહ પહોંચી ગયા હતાં. ત્યારે દીવનાં દરિયા કિનારે સિંહ જોવા મળ્યો હતો. દરિયા કિનાર પર સિંહ પહોંચી ગયાની ઘટના સામે આવી છે. આ પહેલા માંગરોળ, માધવ પુરનાં દરિયા કિનારે સિંહ જોવા મળ્યો હતો. બાદ દીવમાં હવે દીપડો જોવા મળ્યો છે. દીવનાં ઐતિહાસિક કિલ્લામાં દીપડો દેખાયો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો છે. સૌરાષ્ટ્રમાં અવારનવાર સિંહ અને દીપડાના લટર મારતા વીડિયો વાયરલ થયા છે. આજે વધુ એક વીડિયો સોશિયલ મીડિયામાં દીપડાનો લટાર મારતો વાયરલ થયો છે. દીવના દરિયા કિનારે દીપડા પહોચ્યો છે. દીવનાં ઐતિહાસિક કિલ્લામાં દીપડો લટાર મારતો વીડિયો વાયરલ થયો છે. દીપડાનો વીડિયો છ્છંદૃ કેમેરામાં કેદ થયો હતો અને આ વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયો છે. સિંહ એ ભારતની શાન છે. અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ જિલ્લામાં અનેક વિસ્તારોમાં સિંહના વીડિયો સામે આવે છે.

## દાહોદ જિલ્લાના સરહદી વિસ્તારના મતદાન મથકોની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ નિરગુડે



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ સંદર્ભે ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના નેતૃત્વમાં રાજ્યભરમાં સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. તમામ મતદાન મથકો પર મતદારો માટે ચૂંટણી દરમિયાન આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા તે અંગે કરવાના થતા આયોજન અંગે જિલ્લા ચુંટણી અધિકારી શ્રી યોગેશ નિરગુડે એ જરૂરી સુચનો કર્યા હતા.

દાહોદ જિલ્લામાં ધાનપુર તાલુકામાં આવેલ રત્નમહાલ રીછ અભ્યારણ ખાતે જિલ્લા ચુંટણી અધિકારી શ્રી યોગેશ નિરગુડેએ ભૂવેરો અને



અલિન્દ્રાના મતદાન મથકોની મુલાકાત લઈ મતદાન મથક ખાતે આવેલ ઉપલબ્ધ આવશ્યક સુવિધાઓ બાબતે જાત નિરિક્ષણ કર્યું હતું અને સૂચનો કર્યા હતા. આ મુલાકત દરમિયાન ધાનપુર મામલતદાર શ્રી રાકેશ મોદી સહિત અધિકારી શ્રીઓ અને કર્મચારી શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્રઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ? તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રેશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારા દિલ અને મગજ પર રોમાન્સનું રાજ હશે. આજે તમારા પોતાના વિવેકબુદ્ધિ નો ઉપયોગ કરી ને ઘર ના લોકો સાથે વાત કરો જો તમે આ નહીં કરો તો બિનજરૂરી ઝઘડા ને કારણે તમારો સમય બગડી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.તમારે તમારી જાત પર કાબૂ રાખવાની તથા યાદ રાખવાની જરૂર છે કે આ બાબત તમારી વચ્ચે અંતરાયો જ ઊભા કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સારા સમાચાર મળવાની શક્યતા છે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્રક્ષ રાખવી જોઈએ? તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો તથા પરિસ્થિતિને તેમના દષ્ટિકોણથી જોવાની કોશિષ કરો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે-લાગે છે કે તમને તમારો સાચો સાથી મળી ગયો છે.

## મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી નવાબ મલિકની તબિયત અચાનક લથડી



। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૩૦ ।

કુર્લા જમીન ઉચાપત કેસમાં ED દ્વારા પકડાયેલા NCPના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી નવાબ મલિકની તબિયત અચાનક બગડી હતી. મળતી માહિતી મુજબ શનિવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ નવાબ મલિકની તબિયત બગડી હતી. નવાબ મલિકની પુત્રી સના મલિકે આ માહિતી આપી છે. સના મલિકના જણાવ્યા અનુસાર, તેની તબિયત બગડતાં જ તેને કુર્લાની કૃતિ કેર હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. કૃતિ કેર હોસ્પિટલના ડોકટરોની ટીમ નવાબ મલિકની સ્થિતિ પર નજર રાખી રહી છે. પરિવારના સૂત્રોના જણાવ્યા અનુસાર નવાબ મલિકને શ્વાસ લેવામાં તકલીફ થવાને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. નવાબ મલિકની ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ ઈૢ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. કુખ્યાત ગેંગસ્ટર દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલા કેસમાં નવાબ મલિકની ધરપકડ કરવામાં આવી હતી.

### ગૃહ મંત્રાલયે આપ્યા તાબડતોબ આદેશ

# કેજરીવાલ, કૈલાશ ગેહલોત બાદ હવે સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીમાં વધારો!

### સત્યેન્દ્ર જૈન પર છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખર પાસેથી "પ્રોટેક્શન મની" તરીકે ૧૦ કરોડ રૂપિયાની ઉચાપતનો આરોપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

AAP નેતા સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીમાં ફરી એકવાર વધારો થયો છે. વાત જાણે એમ છે કે, ગૃહ મંત્રાલયે જેલમાં બંધ દિલ્હીના પૂર્વ મંત્રી અને AAP નેતા સત્યેન્દ્ર જૈન સામે ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ CBI તપાસને મંજૂરી આપી છે. નોંધનીય છે કે, સત્યેન્દ્ર જૈન પર છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખર પાસેથી "પ્રોટેક્શન મની" તરીકે ૧૦ કરોડ રૂપિયાની ઉચાપત કરવાનો આરોપ છે. અહી એ પણ નોંધનીય છે કે, તાજેતરમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે કાર્યવાહી બાદ હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આબકારી નીતિ સંબંધિત કથિત મની લોન્ડરિંગના કેસમાં આમ આદમી પાર્ટી સરકારના મંત્રી કૈલાશ ગેહલોતને સમન્સ મોકલ્યું છે. કૈલાશ ગેહલોત દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારમાં પરિવહન, ગૃહ અને કાયદા મંત્રી છે. સત્યેન્દ્ર જૈન અને તિહાર જેલના પૂર્વ ડીજી



સંદીપ ગોયલ પર તિહાર જેલમાં ખંડણીનું રેકેટ ચલાવવાનો અને દિલ્હીની વિવિધ જેલોમાં બંધ હાઈપ્રોફાઈલ કેદીઓ પાસેથી પ્રોટેક્શન મની વસૂલવાનો આરોપ છે. આ સિવાય ગેંગસ્ટર સુકેશ ચંદ્રશેખરે સત્યેન્દ્ર જૈન અને સંદીપ ગોયલ અને અન્ય તિહાર જેલના અધિકારીઓ રાજકુમાર અને મુકેશ પ્રસાદ પર વર્ષ ૨૦૧૯-૨૨ વચ્ચે ૧૨.૫૦ કરોડ રૂપિયાની ઉચાપત કરવાનો આરોપ લગાવ્યો હતો. મહાઠગ સુકેશ ચંદ્રશેખરે આ અંગે દિલ્હીના ન્ય એટલે કે લેફ્ટનન્ટ ગવર્નરને ફરિયાદ પણ મોકલી હતી. આરોપ છે કે, સત્યેન્દ્ર જૈન અને તિહાર જેલના અન્ય અધિકારીઓએ પૈસાના બદલામાં પોતાના સરકારી હોદ્દાનો દુરુપયોગ કર્યો અને જેલમાં બંધ કેદીઓને જેલ મેન્યુઅલની વિરુદ્ધમાં ઘણી સુવિધાઓ આપી. મની લોન્ડરિંગ કેસમાં તિહાડ જેલમાં બંધ દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને તત્કાલિન જેલ સત્તાવાળાઓ દ્વારા ન માત્ર જેલમાં VIP ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી પરંતુ અન્ય કેદીઓને મસાજ પણ કરાવ્યો હતો. વાત જાણે એમ છે કે, ફેબ્રુઆરીમાં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ આ મામલે ગૃહ મંત્રાલયને સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ CBI તપાસની ભલામણ કરી હતી. ગયા વર્ષે નવેમ્બરમાં CBIએ લેફ્ટનન્ટ ગવર્નરને પત્ર લખીને આરોપ લગાવ્યો હતો કે, સત્યેન્દ્ર જૈન તિહાર જેલમાંથી હાઈ-પ્રોફાઈલ ખંડણીનું રેકેટ ચલાવી રહ્યો છે. CBIએ કહ્યું કે, જૈને ગેંગસ્ટર સુકેશ પાસેથી પ્રોટેક્શન મની તરીકે ૧૦ કરોડ રૂપિયા માંગ્યા હતા.

### ન મતદાન થયું કે ન મત ગણતરી

# અરૂણાચલ પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીના આઠ ઉમેદવારો જીતી ગયા

### અરુણાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીની મતગણતરી ૨ જૂને થશે જ્યારે લોકસભા ચૂંટણીના પરિણામો ૪ જૂને જાહેર થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

અરુણાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી શરૂ થાય તે પહેલા જ ભારતીય જનતા પાર્ટીના આઠ ઉમેદવારો જીતી ગયા છે. રાજ્યના મુખ્ય પ્રધાન પેમા ખાંડુ સહિત આઠ ઉમેદવારોએ બિનહરીફ જીત મેળવી હતી જ્યારે વિરોધ પક્ષોના ઉમેદવારોએ તેમના નામાંકન પાછા ખેંચ્યા હતા અને તેમના નામાંકન નામંજૂર થયા હતા. પેમા ખાંડુ સતત પાંચમી વખત સીએમ બનવા તરફ આગળ વધી રહ્યા છે. અગાઉ ૨૦૧૧ માં, તેમણે મુક્તો બેઠક પરથી પેટાચૂંટણી બિનહરીફ જીતી હતી, જ્યારે તેમના પિતા અને ભૂતપૂર્વ સીએમ દોરજી ખાંડુના હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ બાદ આ બેઠક ખાલી પડી હતી. અરુણાચલ પ્રદેશના સીએમ પેમા ખાંડુ મુક્તો વિધાનસભા સીટથી, ઝીરો સીટથી એર હેઝ અપ્પા, રોઈંગ સીટથી મુચ્છુ મીઠી, સાગલી સીટથી એર રતુ ટેચી, ઈટાનગર સીટથી ટેચી કાસો, તાલી સીટથી જીક્કે ટાકો, તાલીહા સીટથી ન્યાતો દુકોમ બિનહરીફ જીત્યા હતા. ભાજપના ઉમેદવાર દસાંગલુ પુલ પણ હાયુલિયાંગ વિધાનસભા મતવિસ્તારમાંથી જીત્યા કારણ કે કોંગ્રેસના ઉમેદવારે આ બેઠક પરથી પોતાનું નામાંકન પાછું ખેંચ્યું હતું. દસાંગલુ પુલને અંજાવ જિલ્લાની આયર્ન લેડી તરીકે ઓળખવામાં આવે છે. અરુણાચલ પ્રદેશમાં વિધાનસભા



ચૂંટણી અને લોકસભાની ચૂંટણી એક સાથે યોજાશે. ૬૦ સભ્યોની વિધાનસભા અને બે લોકસભા મતવિસ્તાર (અરુણાચલ પશ્ચિમ અને અરુણાચલ પૂર્વ) માટે ૧૯ એપ્રિલે મતદાન થશે.અરુણાચલ પ્રદેશની બે લોકસભા બેઠકો માટે ૧૫ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવશે. અરુણાચલ પ્રદેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ ૧૯ એપ્રિલે એકસાથે યોજાશે, જેના માટે ૨૭ માર્ચે નામાંકન ભરવાની પ્રક્રિયા પૂરી થઈ હતી. અરુણાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીની મતગણતરી ૨ જૂને થશે જ્યારે લોકસભા ચૂંટણીના પરિણામો ૪ જૂને જાહેર થશે. આ પહેલા કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું હતું કે અરુણાચલ પ્રદેશ દેશનો મિજાજ બતાવવામાં સૌથી આગળ છે.

### ટેન્ડરના બદલામાં લાંચ આપવાનો આરોપ

# EDએ કોર્ટમાં દાખલ કરી ૮૦૦૦ પાનાની ચાર્જશીટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દિલ્હીથી વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દિલ્હી જલ બોર્ડ સાથે જોડાયેલા કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે. દિલ્હી જલ બોર્ડ ટેન્ડર સંબંધિત મની લોન્ડરિંગના કેસમાં EDએ રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે. EDએ તેની ચાર્જશીટમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તજેન્દ્ર સિંહ, જગદીશ અરોરા અને અનિલ અગ્રવાલના નજીકના NBCC અધિકારી દેવેન્દ્ર કુમાર મિત્તલ અને એક કંપની NKGને આરોપી બનાવ્યા છે. EDએ દિલ્હી જલ બોર્ડ કેસમાં કુલ ૮૦૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી છે, જેમાંથી ૧૪૦ પાના ઓપરેટિવ ભાગ છે. EDએ પોતાના દસ્તાવેજમાં NKG કંપનીને પણ આરોપી બનાવી છે. જાણકારી અનુસાર NKG કંપનીને NBCC ઓફિસર દેવેન્દ્ર કુમાર મિત્તલ દ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્રના આધારે ટેન્ડર મળ્યું હતું. એનકેજીએ મિત્તલ માટે ટ્રાવેલ ટિકિટ બુક કરાવી હતી. ED અનુસાર NBCCના રેકોર્ડમાં NKG વિશે કોઈ માહિતી નથી. EDએ કહ્યું છે કે, જગદીશ અરોરા, અનિલ અગ્રવાલ, તજેન્દ્ર સિંહ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે જેઓ જગદીશ અરોરાની નજીક છે. મિત્તલ NBCCના અધિકારી છે. મિત્તલે NKG કંપનીને બનાવટી દસ્તાવેજો આપ્યા હતા. ED અનુસાર દિલ્હી જલ બોર્ડે NKGને રૂ. ૩૮ કરોડનું ટેન્ડર આપ્યું હતું જેમાંથી રૂ. ૨૪ કરોડ પહેલેથી જ બહાર પાડવામાં આવ્યા હતા.

### વિઝા આપવામાં મહેરબાન થયું અમેરિકા

# H-1B વિઝાની લોટરી સિસ્ટમની મોટી જાહેરાત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકા અને કેનેડા હાલ ભારતીયો માટે હોટ ફેવરિટ છે. અહી જવા માટે ગુજરાતીઓ ગમે તેટલા રૂપિયા ખર્ચવા તૈયાર હોય છે. H-1B વિઝા મેળવવા દરેક ભારતીયનું સપનુ હોય છે. આ વિઝા મેળવવા માટે ગુજરાતીઓ ગમે તે જોખમ ખેડવા તૈયાર થાય છે. સારા સમાચાર એ છે કે, USCIS દ્વારા એચ૧બી વિઝાની લિમિટ મુજબ રેન્ડમ પસંદગી કરાઈ હતી. હવે ડ્રો સિસ્ટમના આધારે વિઝા મેળવનારા લોકોનો ત્રીજો રાઉન્ડ યોજવામાં આવશે. અમેરિકામાં રહેવુ હોય તો એચ-૧બી વિઝા બહુ જ જરૂરી છે. પરંતુ આ વિઝાની મર્યાદા નક્કી હોય છે. તેની જરૂરિયાત




મુજબ જ વિઝા ઈશ્યુ કરવામાં આવે છે. ગુજરાતીઓ માટે એચ-૧બી વિઝા એટલે સ્વર્ગની ટિકિટ જેવુ હોય છે. આવામાં અમેરિકામાં સિટીઝનશિપ મેળવવા માટે એચ-૧બી વિઝાનો ત્રીજો રાઉન્ડ યોજવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે આ વખતે પણ મોટી સંખ્યામાં લોકો એચ-૧બી વિઝા માટે પડાપડી કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. અમેરિકામાં ટૂંક સમયમાં H-1B વિઝા માટેની લોટરી સિસ્ટમ શરૂ થશે.

### પટણા હાઈકોર્ટે નાલંદા મેજિસ્ટ્રિયલ કોર્ટના ચુકાદાને પલટી નાખ્યો

# પત્નીને ભૂત અને પિશાચ કહેવી એ ક્રૂરતા નથી : પટણા હાઈકોર્ટ

। (એજન્સી) પટણા, તા.૩૦ ।

પતિ અને પત્નીનો સંબંધ ઉતાર ચડાવવાળો હોય છે. પરંતુ ક્યારેક તો આ ખટપટ એટલી વધી જાય છે કે મામલો કોર્ટના દરવાજે પહોંચી જતો હોય છે. આવો જ એક કેસ પટણા હાઈકોર્ટમાં ગયો અને કોર્ટે ચુકાદો આપતા મહત્વની ટિપ્પણી કરી. આઈપીસીની કલમ ૪૯૮એ હેઠળ પતિ પર લાગેલા ક્રૂરતાના આરોપોને પટણા હાઈકોર્ટે ફગાવી દેતા કહ્યું કે પત્નીને ભૂત અને પિશાચ કહેવી એ ક્રૂરતા નથી. એક રિપોર્ટ મુજબ ભૂત અને પિશાચવાળા આ કેસમાં જસ્ટિસ બિબેક ચૌધરીની સિંગલ બેન્ચે ચુકાદો આપ્યો. પટણા હાઈકોર્ટે નાલંદા મેજિસ્ટ્રિયલ કોર્ટના




ચુકાદાના પલટી નાખ્યો. પટણા હાઈકોર્ટે આ મામલે પતિ નરેશકુમાર ગુપ્તા અને સસરા સહદેવ ગુપ્તાને જામીન આપ્યા છે. નરેશકુમાર ગુપ્તાના લગ્ન ૧ માર્ચ ૧૯૯૩ના રોજ હિન્દુ રિતી રિવાજોથી જ્યોતિ સાથે થયા હતા. જ્યોતિના પિતા કન્હૈયાલાલે નરેશકુમાર ગુપ્તા અને તેમના પિતા સહદેવ ગુપ્તા સામે કેસ કર્યો. જ્યોતિના પિતાનો આરોપ હતો કે તેમની પુત્રીને સાસરામાં શારીરિક અને માનસિક રીતે પરેશાન કરવામાં આવી. પુત્રીના સાસરીવાળાએ દહેજને કારણે તેને હેરાન કરી. જો કે હાઈકોર્ટે તપાસ રિપોર્ટમાં જાણ્યું કે કોઈ પણ એવો મેડિકલ દસ્તાવેજ નથી જેનાથી સાબિત થાય કે જ્યોતિને શારીરિક કે માનસિક રીતે પરેશાન કરાઈ હોય. ત્યારબાદ પટણા હાઈકોર્ટે નાલંદા મેજિસ્ટ્રિયલ કોર્ટના નિર્ણયને પલટી નાખ્યો. નરેશકુમાર ગુપ્તા અને તેમના પિતા સહદેવ ગુપ્તાને આ મામલે રાહત આપી. જસ્ટિસ બિબેક ચૌધરીએ અરજીકર્તાની એ અરજી પણ ફગાવી દીધી જેમાં અરજીકર્તાના વકીલે કહ્યું હતું.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારત રત્ન પુરસ્કાર સન્માન સમારોહ યોજાયો હતો.

# ઇઝરાયેલનું પ્રતિનિધિમંડળ યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ માટે ઇજિપ્ત અને કતાર જશે

। (એજન્સી) ગાઝા, તા.૩૦ ।

ગાઝામાં યુદ્ધવિરામની આશા ફરી એક વાર વધી રહી હોય તેવું લાગે છે. રમઝાન મહિના દરમિયાન યુદ્ધવિરામ હાંસલ કરવાના પ્રયાસો નિષ્ફળ ગયા છે, પરંતુ ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે શુક્રવારે જાહેરાત કરી હતી કે તેઓ ઈઝરાયેલના બંધકોને મુક્ત કરવા અને ગાઝામાં સંભવિત યુદ્ધવિરામ કરાર માટે વાટાઘાટો કરવા માટે કામ કરી રહ્યા છે.ઈજિપ્ત અને કતાર તેમના મોકલવા માટે સંમત થયા છે. પ્રતિનિધિમંડળ આ પહેલા નેતન્યાહુએ ઈઝરાયેલના પ્રતિનિધિમંડળની અમેરિકાની મુલાકાત રદ્દ કરી દીધી હતી. તેમણે આવું ત્યારે કર્યું જ્યારે અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્રમાં યુદ્ધવિરામ પર વોટિંગમાં વીટો પાવરનો ઉપયોગ કરવાનો ઈનકાર કર્યો હતો. નેતન્યાહુએ દોહા અને કૈરોમાં વાટાઘાટો કરવા ઈઝરાયલી ગુપ્તચર એજન્સીઓ શિન બેટ અને મોસાદ તરફથી પ્રતિનિધિમંડળ મોકલવાની મંજૂરી આપી.

## પપ્પુ યાદવ પૂર્ણિયાથી લોકસભા ચૂંટણી લડશે



। (એજન્સી) બિહાર, તા.૩૦ ।

બિહારની પૂર્ણિયા સીટ પર ભારે હંગામો થયો હતો, જ્યાં પપ્પુ યાદવ પૂર્ણિયાથી ચૂંટણી લડવા માટે મક્કમ હતા. જ્યારે લાલુ યાદવે આ ટિકિટ આરજેડી (રાષ્ટ્રીય જનતા દળ)ની બીમા ભારતીને આપી હતી. પરંતુ હવે પપ્પુ યાદવ ઉર્ફે રાજેશ રંજનના કાર્યાલયે માહિતી આપી છે કે પૂર્ણિયાથી માત્ર પપ્પુ યાદવ જ લોકસભાની ચૂંટણી લડશે. પપ્પુ યાદવ ૨ એપ્રિલે સવારે ૧૦ વાગે ઉમેદવારી નોંધાવશે. પપ્પુ યાદવે તાજેતરમાં જ લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા છે. જેના કારણે બીમા ભારતીને ટિકિટ મળ્યા બાદ પપ્પુ યાદવ સતત કહેતા જોવા મળ્યા હતા કે મને કોંગ્રેસમાં વિશ્વાસ છે, જોકે તેમણે કહ્યું હતું કે મેં અંતિમ નિર્ણય કોંગ્રેસ નેતૃત્વ પર છોડ્યો છે. પપ્પુ યાદવની ઓફિસે માહિતી આપી હતી કે તે પૂર્ણિયા સીટ પરથી ચૂંટણી લડશે. તેમણે જાહેર જનતાને નોમિનેશન દરમિયાન વધુમાં વધુ સંખ્યામાં આવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે પૂર્ણિયા લોકસભા મતવિસ્તારના રહેવાસીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પૂર્ણિયાને અદ્યતન અને સમૃદ્ધ પૂર્ણિયા બનાવવા માટે નામાંકન કાર્યક્રમ દરમિયાન તેમના પુત્ર પપ્પુ યાદવને આશીર્વાદ આપે.

### તાલિબાને વધુ એક ફરમાન બહાર પાડ્યું

# વ્યભિચાર કરનારી મહિલાઓને પથ્થરમારો કરીને મૃત્યુદંડની જાહેરાત

। (એજન્સી) કાબુલ, તા.૩૦ ।

અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસનના આગમન સાથે, લોકોએ ભય વ્યક્ત કર્યો હતો કે અફઘાન મહિલાઓને સૌથી વધુ નુકસાન થશે. આ ડર હવે સાચો થતો જણાય છે, મહિલા શિક્ષણ પર પ્રતિબંધ લગાવ્યા બાદ તાલિબાને વધુ એક ફરમાન બહાર પાડ્યું છે. તાલિબાને વ્યભિચાર કરનારી અફઘાન મહિલાઓને પથ્થરમારો કરીને મૃત્યુદંડની જાહેરાત કરી છે. તાલિબાનના સુપ્રીમો મુલ્લા હિબતુલ્લાહ અખુન્દઝાદાએ સરકારી ટેલિવિઝન પર એક ઓડિયો સંદેશમાં જાહેરાત કરી હતી કે અફઘાનિસ્તાનમાં મહિલાઓને વ્યભિચાર માટે જાહેરમાં કોરડા મારવામાં આવશે અને પથ્થર મારીને મારી નાખવામાં આવશે. ધ ટેલિગ્રાફના અહેવાલ મુજબ, આ ઓડિયો સંદેશમાં તાલિબાન સુપ્રીમોએ પશ્ચિમી લોકશાહી વિરુદ્ધ લડાઈ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા પણ લીધી છે. તેના સંદેશમાં, અખુંદઝાદાએ કહ્યું, "આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા સમર્થિત મહિલા અધિકારો તાલિબાનના 'ઈસ્લામિક શરિયા કાનુન'થી વિરોધાભાસી છે. તેણે આગળ પૂછ્યું, શું મહિલાઓને એવા અધિકારો જોઈએ છે.

# એજન્ટે રશિયન પત્નીનું કહીને વોરમાં ભારતીય યુવકને ફસાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

એજન્ટો અત્યારે રશિયામાં નોકરીનું કહી લોકોને જબરા ફસાવી રહ્યા છે. આવો જ વધુ એક કિસ્સો ભારતીય યુવકો સાથે બન્યો છે. હરિયાણાનાં ૨૧ અને ૨૪ વર્ષીય ૨ યુવકોને રશિયન યુવતી સાથે લગ્ન, રેસિડન્સી અને અઢળક રૂપિયાની કમાણીનું કહી એજન્ટોએ દાવ કરી નાખ્યો હતો. એટલું જ નહીં અત્યારે એવી માહિતી સામે આવી રહી છે કે રશિયા અને બેલારૂસનાં જંગલોના કેમ્પ માં ૨૦૦થી વધુ લોકો ફસાયેલા છે જેમાંથી મોટાભાગનાં દક્ષિણ એશિયન લોકો છે. આ તમામે દાવો કર્યો છે કે આ બધા લોકોને ઈમિગ્રેશન એજન્ટ છેતરપિંડીથી લઈ ગયો છે અને તેમને રશિયન આર્મીમાં સામલ થવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે. હરિયાણાનાં ૨ યુવકો કઝિન બ્રધર્સ પણ છે. તેવામાં દાવો કર્યો છે કે એજન્ટે તેમને જર્મની મોકલવાનું પ્રોમીસ કર્યું હતું. જોકે એના સ્થાને તેમને બેંકોક મોકલી દીધા અને અહીં એક નોકરીનું પ્રોમિસ આપવામાં આવ્યું હતું. બેંકોકથી તેમને હવાઈ માર્ગથી બેલારૂસ મોકલવામાં આવ્યા હતા અને ત્યાંથી બોર્ડર પાર જંગલોના માધ્યમથી રશિયામાં પ્રવેશ કરાવ્યો હતો. અહીં કેમ્પ હતા જ્યાં તેમને રાખવામાં આવ્યા હતા. કઝિન ભાઈએ કહ્યું કે રશિયામાં કથિત એજન્ટે આ દક્ષિણ એશિયન પુરુષોને લાલચ આપી રશિયા લઈ જઈ રહ્યા છે. તેમને રશિયન યુવતી સાથે લગ્ન અને ત્યાં રેસિડન્સી આપવાની લાલચે જંગના મેદાનમાં મોકલી દેવાય છે.

## તંત્રી લેખ...

### વૈશ્વિક એજન્સીઓના વધતા ભરોસાનું પ્રમાણ ભારતીય અર્થવ્યવસ્થા પર જ છે

કોવિડ કાળ દરમ્યાન ભારતીય અર્થવ્યવસ્થાને લઈને જાહેર કરવામાં આવેલ કેટલીય ચિંતાઓ છતાં આજે જો દેશના જીડીપીનો વાસ્તવિક સરેરાશ વૃદ્ધિ દરે કોવિડ પહેલાંની તુલનામાં પ્રભાવશાળી સરસાઈ મેળવી લીધી છે, તો તે એક મોટી ઉપલબ્ધી કહી શકાય. તેનું મહત્ત્વ ત્યારે ઓર વધી જાય છે, જ્યારે વિશ્વની મોટાભાગની અર્થવ્યવસ્થાઓ કોરોનાના નુકસાનોમાંથી ઉગરી તો નથી શકી, પણ હજુ યુદ્ધોથી પેદા થયેલ પરિસ્થિતિઓમાં વૈશ્વિક પૂરવઠા શૃંખલાઓમાં આવતી અડચણથી પણ ત્રસ્ત છે. અસલમાં ભારતીય સ્ટેટ બેંકનો તાજો રિપોર્ટ દર્શાવે છે કે જીડીપીનો વાસ્તવિક વૃદ્ધિ દર, કોવિડ કાળ પહેલાંની ૫.૭ ટકાથી વધીને ૮.૧ ટકા પર પહોંચી ગયો છે. આ વૃદ્ધિમાં સૌથી વધુ યોગદાન મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશનું રહ્યું, જે રાષ્ટ્રીય જીડીપીમાં આ રાજ્યોના અનુક્રમે ૧૫.૭ અને ૯.૨ ટકાના યોગદાનને જોતાં સમજી પણ શકાય છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ઉત્તર પ્રદેશની અર્થવ્યવસ્થામાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે અને તે ન માત્ર દેશની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનીને ઉભર્યું છે, બલ્કે રેવન્યુ સરપ્લસ સ્ટેટ રૂપે પણ તેણે પોતાની ઓળખ બનાવી છે. ક્યારેક બીમારુ રાજ્યોમાં સામેલ ઉત્તર પ્રદેશ આજે દસ ખરબ ડોલરની અર્થવયવસ્થા બનવા તરફ અગ્રેસર છે અને જેને રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાનું એન્જિન પણ માનવામાં આવે છે, તો તેનું શ્રેય રાજ્યની નિયોજિત વિકાસ નીતિઓને જાય છે. પ્રતિ વ્યક્તિ આવક વધારવી ભલે ભારતીય અર્થવ્યવસ્થા માટે પડકાર હોય, પરંતુ એસબીઆઈના રિપોર્ટ અનુસાર, ગુજરાત, કર્ણાટક અને તેલંગણા જેવાં રાજ્યોએ આ મામલે મહત્ત્વપૂર્ણ પ્રગતિ નોંધાવી છે. જોકે, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને દિલ્હી જેવાં રાજ્યોમાં પ્રતિ વ્યક્તિ આવકમાં ઘટાડો હજુ પણ ચિંતાનો વિષય છે. તેમ છતાં આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષમાં ભારતના કાર્યકારી નિર્દેશકનું એમ કહેવું આશ્વસ્ત કરે છે કે છેલ્લા દસ વર્ષોમાં ભારતે જે વૃદ્ધિ દેખાડી છે, જો સુધારાની આ જ ગતિ રહી તો ૨૦૪૭ સુધી ભારતને ૫૫૦ ખર્વ ડોલરની અર્થવ્યવસ્થા બનવાથી કોઈ નહીં રોકી શકે. એસબીઆઈ ઉપરાંત મૂડીઝ, ફિંચ અને એસએન્ડપી બાદ જો મોર્ગન સ્ટેનલીએ પણ પહેલી એપ્રિલથી શરૂ થઈ રહેલા નવા નામાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ભારતના વિકાસ દરના અનુમાનોને વધારવાનો નિર્ણય લીધો છે.

### સકારાત્મક સોચ અને ઉત્સાહી મન છે, જો તમે દુઃખમાંથી સુખ શોધી લેવા માગો છો તો ખરેખર સુખ શોધી લેશો



આજે દરેક વ્યક્તિ સુખની શોધમાં ઊભો છે. એવા થાકેલા-હારેલા માણસને પ્રતિબોધ આપતાં જાણીતા વિદ્વાન ખલીલ જિબ્રાન લખે છે કે 'હું પણ કહું છું કે જીવન ખરેખર અંધકારમય છે, જો આકાંક્ષા ન હોય તો. તમામ આકાંક્ષાઓ આંધળી છે, જો જ્ઞાન ન હોય તો. તમામ જ્ઞાન વ્યર્થ છે, જો કર્મનું જ્ઞાન ન હોય તો. જ્યારે તમે પ્રેમથી પ્રેરિત થઈને કર્મ કરો છો ત્યારે ખુદની સાથે બંધાવ છો, એકબીજા સાથે બંધાવ છો અને પછી ભગવાન સાથે બંધાવ છો.' અહીં પ્રેમનો અર્થ સંકલ્પ છે. પ્રેમમાં, જ્ઞાનમાં અને સૌંદર્યમાં ક્યારેય અતિ નથી હોતી, જ્યારે આ ગુણ પૂર્ણ શુદ્ધ અર્થમાં સમજવામાં આવે. ત્યારે જ આપણે તે બધું કરી શકીએ છીએ, જે આપણે કરવા માગીએ છીએ. તમે ત્યારે જ સારા બની શકો છો જ્યારે તમારામાં આત્મવિશ્વાસ છે. દૃઢ નિશ્ચય છે. નિર્ણયની ક્ષમતા છે. આશાવાદી દૃષ્ટિકોણ છે. સકારાત્મક સોચ અને ઉત્સાહી મન છે. જો તમે દુઃખમાંથી સુખ શોધી લેવા માગો છો તો ખરેખર સુખ શોધી લેશો. તેના માટે એવું વિચારતાં માત્ર તમારે સંકલ્પિત થવું પડશે. એટલે કે તમે જે ચીજની ઈચ્છા કરશો, તે મેળવી જ લેશો. વિચારવાનું એ છે કે આપણે ઊંડે પેસી ગયેલા આપણા સંસ્કારોને કેવી રીતે સુધારીએ? મૂળ સુધી કેવી રીતે પહોંચીએ? મૂળ વિના માત્ર ફૂલ-પાંદડાંનું શું મહત્ત્વ? પાનખરમાં ફૂલ-પાંદડાં બધાં જ ખરી પડે છે, પરંતુ વૃક્ષ ક્યારયે એના વિયોગ પર શોક નથી કરતં. તેની પાસે મૂળની સત્તા સુરિક્ષત છે, જેનાથી વસંત આવતાં ફરીથી વૃક્ષ ફૂલ-પાંદડાંથી લચી ઊઠે છે. અંધારું ત્યાં સુધી ડરામણું છે, જ્યાં સુધી હાથ દીવાની વાટ સુધી ન પહોંચે. પોતાની જાતને પોતાના ભવિષ્ય નિર્માતા માનો અને પછી કાર્યની શરૂઆત કરી દો. પોતાના ભવિષ્યની કલ્પના કરો. વિચારો કે આજથી એક વર્ષ બાદ, બે વર્ષ બાદ કે પાંચ વર્ષ બાદ તમે ક્યાં પહોંચવા માગો છો. જ્યાં તમને મનચાહી સફળતા અને જિંદગી હાંસલ થાય. તેના માટે સોક્રેટિસનું કથન છે કે`વું જીવન જેમાં પરીક્ષાઓ ન લેવાઈ હોય, તે જીવવા યોગ્ય જ નથી. સુખી રહેવા નકારાત્મકતાને હઠાવો'' સુખી રહેવાની આ પ્રથમ ચાવી છે. પરંતુ આ નકારાત્મકતાને હઠાવવા માટે સહુ પ્રથમ શારીરિક હેલ્થ પાવરફૂલ હોવી જરૂરી છે''. આમતો આ વાત સાચી છે ''જ્યારે માણસ શરીર થી બીમાર હોય ત્યારે નાનીનાની વસ્તુઓ અને આજુબાજુના ઘટના ક્રમનો તેના મન ઉપર નેગેટીવ અસર પડતી દેખાય છે, આવા સમય માં તે વધુ ને વધુ નબળો બનતો જણાય છે ''. જો માનવી શરીરથી સુખી હશે તો મનથી પણ આપોઆપ પ્રફુલ્લિત થઇ શકશે. ખુશ રહેવું એ આપણી પોતાની ઈચ્છા ઉપર અવલંબે છે પરંતુ શારીરિક સુખ એ નિરોગી તન અને આંતરિક ચેતના શક્તિ ઉપર આધારિત છે. આવા સમયે તે વ્યક્તિએ પોતાના માનસિક બળને એકઠું કરવાની તાતી જરૂર પડે છે ,આ સમયે દુઃખ નિરાશા કે ગ્લાની અનુભવવાને બદલે જો થોડા હકારાત્મક વિચારો મનગમતું કાર્ય હાથ ઉપર લેશે તો માનસિક નકારાત્મકતા થી દુર રહી શકશે, આ રીતે ઝડપથી શારીરિક મજબુતાઈ પાછી મેળવી શકાશે . ''સારી હેલ્થ માટે સહુ પ્રથમ મેન્ટલ હેલ્થ પાવરફૂલ હોવી જરૂરી છે''. બીમાર માણસનાં મનમાં જો સારા થવાની , જીવન જીવવાની જીજીવિષા નાં રહે તો ગમે તેટલી મોંઘી દવા પણ અસર બતાવતી નથી. ''ખુશી ભૂતકાળમાંથી જન્મી વર્તમાન સુધી લંબાય છે''. પરંતુ એનો અર્થ જરાય એવો નથી થતો કે કાલને યાદ કરતા રહીએ અને આજને ભૂલી જઈએ.

**અહિંસાની લડતથી ભારતમાં આઝાદી આવે એવા પ્રયત્નો કર્યા હતાં, અને એવી ચળવળની આગેવાની સ્વીકારી હતી**

# જ્યાં સુધી સામ્રાજ્ય વાદ સમાપ્ત નહીં, થાય ત્યાં સુધી સત્તા માટે કોઈને કોઈની શહીદી ચડતી રહેશે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**જ્યારે ભારતના જ અમુક યુવાનોએ ક્રાંતિકારી રીત અપનાવી હતી, અને ખાસ કરીને લાલા લજપતરાયનાં મૃત્યુ તેમજ જલિયાંવાલા બાગમાં થયેલ હત્યાકાંડને કારણે તેવો એ અંગ્રેજોને જડબાતોડ જવાબ આપવા માટે નુકસાન કરવાનો માર્ગ અપનાવ્યો હતો**

માર્ચ મહિનામાં ઘણા બધાં દિવસ આવે છે, એટલે કે ચકલી દિવસ, જળ દિવસ, કવિતા દિવસ, અને શહીદ દિવસ. જેમાં દરેકનું પ્રકૃતિમાં કોઈને કોઈ મહત્વ છે.પણ ૨૩ માર્ચ શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, અને ખાસ કરીને એ આપણા દેશને તેમજ દેશવાસીઓને લાગુ પડતું હોવાથી, એની પ્રત્યે આપણને સહજ વધું ભાવ હોય. જોકે ભારતમાં મહાત્મા ગાંધીનાં બલિદાન દિવસને એટલે કે ૩૦ જાન્યુઆરીને પણ શહિદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એમણે અહિંસાની લડતથી ભારતમાં આઝાદી આવે એવા પ્રયત્નો કર્યા હતાં, અને એવી ચળવળની આગેવાની સ્વીકારી હતી. જ્યારે ભારતના જ અમુક યુવાનોએ ક્રાંતિકારી રીત અપનાવી હતી, અને ખાસકરીને લાલા લજપતરાયનાં મૃત્યુ તેમજ જલિયાંવાલા બાગમાં થયેલ હત્યાકાંડને કારણે તેવો એ અંગ્રેજોને જડબાતોડ જવાબ આપવા માટે નુકસાન કરવાનો માર્ગ અપનાવ્યો હતો. એમણે એટલી હદે અંગ્રેજોના નાકે દમ લાવી દીધો, કે અંતે લાહોરમાં કૃષ્ણલાલ વર્માની કોર્ટમાં એમની પર કેસ દાખલ થયો, એમાં ૧૬ ક્રાંતિકારીની ધરપકડ થઈ, અને એમને ત્રણ ફાંસીની સજા થઈ હતી! આજે પણ જ્યારે એ દિવસો યાદ કરીએ કે અંગ્રેજોની ગુલામીમાં આપણો ભારત દેશ જકડાયેલો હતો, અને ગુલામીની આ જંજીર તોડવા માટે દરેક ભારતવાસીઓએ કમર કસી હતી. દરેકે પોતપોતાની રીતે કોઈને કોઈ યોગદાન દીધું હશે, એટલે એ સૌને વંદન, પણ ભગતસિંહ સુખદેવ અને રાજગુરુને ૨૪ માર્ચે ફાંસીની સજા એનાયત કરવામાં આવી હતી. પરંતુ લોક જુવાળ એટલો બધો હતો કે અંગ્રેજો ડરી ગયા, અને તેને ૨૩ના રાત્રે જ ફાંસી આપી દીધી હતી, અને સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ! એમ કરી ૧૯૩૧ની સાલમાં માત્ર ૨૩ વર્ષની ઉંમરે ભગતસિંહ સુખદેવ અને રાજગુરુ એ હસતાં હસતાં ફાંસીની સજા સ્વીકારી હતી, અને લગભગ દરેકના મનમાં પોતાની ફાંસી માટે કોઈ રંજ નહોતો! પણ ૨૨ તારીખથી ચેન્નાઈ ખાતે આઈપીએલની ધમાકેદાર શરૂઆત થઈ, અને આપણે સૌ જાણીએ છીએ કે આજકાલની યુવાનીને ક્રિકેટ કેટલી પ્રિય છે. ખેલાડીઓ અને અભિનેતાઓને યુવાનો રોલ મોડેલ માનવાં લાગ્યા છે! કોઈ પણ વ્યવસાયમાં સચ્ચાઈ અને નિષ્ઠા હોય તો યુવાનો એને આદર્શ માને તો એ કંઈ ખોટું નથી! પણ વારંવાર મેચ ફિક્સિંગ અને એનાં પુરાવાઓ મળે છે, અને એમાં પણ આઈપીએલમાં તો રુપિયા માટે રમવાનું હોય સૌ મોં માંગ્યા દામ પણ માંગે છે. બહુ વિચારવા જેવી વાત છે કે, જેની માટે રુપિયાથી ઉપર કંઈ જ ન્હોય એને આદર્શ કંઈ રીતે માની શકાય! છતાં પણ એને આદર્શ માની આજકાલની યુવાની ભૂલ કરી રહી છે. સ્ટેડિયમમાં જોઈએ તો પોતે કંઈ ટીમને સપોર્ટ કરે છે, એ માટે એના ધ્વજ, એનાં ટીશર્ટ અને બીજુય કેટલું.. અધધધધ રુપિયા વાપરે છે! રુપિયા એનાં પોતાના હોય, જ્યાં વાપરવા હોય ત્યાં વાપરે, આપણે કંઈ જ ન કહી શકીએ! મારી પોતાની દીકરી પણ ગઈ હતી! પણ આ બધું દેશભક્તિ ને નામે તો ન જ થવું જોઈએ! કારણકે, જ્યાં દેશ સૌથી ઉપર નથી એ હકીકત આજના યુવાનો એ સમજવાની જરૂર છે. આદર્શ તો એવો હોવો જોઈએ કે, જેનું સ્મરણ થતાં એમનાં બલિદાન આગળ વગર કહે આપણું મસ્તક નમે! અને એવાં હતાં એ ક્રાંતિકારી જવાનો! કે જેણે અંગ્રેજોને પણ ડરાવી દીધાં હતાં! અને એમનાં વિશે આજનાં યુવાનો એ જાણવું જરૂરી છે. સેન્ટ્રલ એસેમ્બલીમાં બોમ્બ ફેંક્યા બાદ, દેશની આઝાદી માટે બહાદુર પુત્રો ભગતસિંહ, શિવરામ રાજગુરુ, સુખદેવે બલિદાન આપ્યા હતા. બ્રિટિશ શાસન સામે અવાજ ઉઠાવતા, તેમણે જાહેર સુરક્ષા અને વેપાર વિતરણ બિલના વિરોધમાં સેન્ટ્રલ એસેમ્બલીમાં બોમ્બ ફેંક્યા. જે બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને ફાંસીની સજા આપવામાં આવી હતી. ૨૩ માર્ચ એ જ દિવસ છે જ્યારે બ્રિટિશ સરકારે દેશના ત્રણ બહાદુર સપૂતોને ફાંસી આપી હતી, જેને વિષે જરાક જોઈએ. ભગત સિંહ'' માતૃભૂમિ માટે પોતાના જીવનનું બલિદાન આપનાર ભગત સિંહનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ પંજાબના લાલપુરમાં થયો હતો. ચંદ્રશેખર આઝાદ અને અન્ય પક્ષના સભ્યો સાથે મળીને, ભગતસિંહે ભારતની આઝાદી માટે અભૂતપૂર્વ હિંમત સાથે શક્તિશાળી બ્રિટિશ સરકાર સામે હિંમતભેર લડત આપી હતી. તેઓ માર્ક્સના વિચારોથી ખૂબ પ્રભાવિત હતા. ભગત સિંહનું સૂત્ર 'ઈક્લાબ ઝિંદાબાદ' ખૂબ પ્રખ્યાત છે. આ સૂત્રએ દેશવાસીઓને ઉત્સાહથી ભરી દેવાનું કામ કર્યું. ૧૯૨૮માં સાયમન કમિશનના વિરોધમાં લાઠીચાર્જને કારણે લાલા લજપત રાયનું મૃત્યુ થયું. લાલાજીના મૃત્યુએ ભગતસિંહને ભારે ક્રોધ અને દુઃખથી ભરી નાખ્યા. તેમણે લાલાજીના મૃત્યુ માટે જવાબદાર પોલીસ અધિક્ષક સ્કોટની હત્યા કરવાની યોજના બનાવી અને લાહોરમાં રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદ સાથે મળીને એસપી સાન્ડર્સની ગોળી મારીને હત્યા કરીને સનસનાટી મચાવી. તે જેલમાં ૬૩ દિવસ અનસન પર રહ્યા હતા અને જેલમાં કરેલા ઉપવાસ ખરાબ ભોજન સુધારણા માટે હતાં. શહીદ સુખદેવ'' સુખદેવનો જન્મ ૧૫ મે, ૧૯૦૭ના રોજ પંજાબના લાલપુરમાં થયો હતો. ભગતસિંહ અને સુખદેવના પરિવારો લાલપુરમાં એકબીજાની નજીક રહેતા હતાં અને બંને વીરો વચ્ચે ગાઢ મિત્રતા હતી. એટલું જ નહીં બંને લાહોર નેશનલ કોલેજના સ્ટુડન્ટ પણ હતા. સુખદેવે સોન્ડર્સ મર્ડર કેસમાં ભગતસિંહ અને રાજગુરુનું સમર્થન કર્યું હતું. શહીદ રાજગુરુ'' શહીદ રાજગુરુનો જન્મ ૨૪ ઓગસ્ટ, ૧૯૦૮ના રોજ પુણે જિલ્લાના ખેડા ખાતે થયો હતો. રાજગુરુ શિવાજીની ગેરિલા શૈલીના પ્રશંસક હોવા ઉપરાંત, લોકમાન્ય બાળ ગંગાધર તિલકના વિચારોથી પણ પ્રભાવિત હતા. શહીદોના સન્માનમાં ભારતમાં દર વર્ષે કુલ સાત શહીદ દિવસ મનાવવામાં આવે છે. તેઓ જુદી જુદી તારીખો અને મહિનાઓ પર પડે છે. આ સાત દિવસ છે ૩૦ જાન્યુઆરી, ૨૩ માર્ચ, ૧૯ મે, ૨૧ ઓક્ટોબર, ૧૭ નવેમ્બર, ૧૯ નવેમ્બર અને ૨૪ નવેમ્બર. જો આપણે ૩૦ જાન્યુઆરી અને ૨૩ માર્ચે મનાવવામાં આવતા શહીદ દિવસની વાત કરીએ, તો આ બંને વચ્ચે તફાવત છે. હા, ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ ના રોજ, ભારતને આઝાદી મળ્યાના માત્ર પાંચ મહિના પછી, નથ્થુરામ ગોડસેએ નવી દિલ્હીના બિરલા હાઉસ સંકુલમાં મહાત્મા ગાંધીની છાતી અને પેટમાં ત્રણ ગોળીઓ મારી હતી. બીજી તરફ, શહીદ ભગત સિંહ, સુખદેવ અને રાજગુરુના બલિદાનને ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ યાદ કરવામાં આવે છે, જ્યારે અંગ્રેજોએ તેમને ફાંસી આપી હતી. ક્રાંતિકારીના જીવનનો એક માત્ર ઉદ્દેશ્ય ભારતને ગુલામીની બેડીમાંથી મુક્ત કરવાનો હતો. તેમણે અંગ્રેજોના અમાનુષી અત્યાચારો સહન કર્યા, અને અસંખ્ય યાતનાઓ સહન કરી હતી, પણ ક્યારેય રુપિયાને કે પરિવાર પ્રેમને દેશથી વધુ મહત્વ આપ્યું નહોતું. જેલમાં એ લોકોએ ઉચ્ચ અભ્યાસ કર્યો, આ ઉપરાંત બે ક્રાંતિકારી સામાયિક શરૂ કર્યા, અને દેશના યુવાનોને આઝાદીની ચળવળમાં જોડાવા માટે આહવાન કર્યું. વિશ્વના મોટા ભાગ પર જેમનું નિયંત્રણ હતું, એક એવું સામ્રાજ્ય જેના વિશે એવું કહેવામાં આવે છે કે તેમના શાસન હેઠળ ક્યારેય સૂર્ય આથમતો નથી, આટલું શક્તિશાળી શાસન માત્ર ૨૩ આસપાસની યુવાનોથી ડરી ગયું. આજના આધુનિક યુવાનો જે નાની નાની સમસ્યાઓમાં પણ હતાશ થઈ જાય છે, માનસિક વિકૃતિઓથી ઘેરાઈ જાય છે, જેઓ સહેજ સંઘર્ષને કારણે ડિપ્રેશનમાં આવવા લાગે છે, તેવાં યુવાનોએ આ શહીદોના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ. એમણે કહ્યું કે ક્રાંતિનો અર્થ આખરે એવી સામાજિક વ્યવસ્થાની સ્થાપના છે, જેમાં માત્ર વિદ્રોહ ન્હોય પણ શ્રમજીવીની સર્વોપરિતાને સાર્વત્રિક રીતે સ્વીકારવામાં આવે. જ્યાં સુધી માણસ દ્વારા માણસનું શોષણ થાય છે, અને એક રાષ્ટ્ર દ્વારા બીજા રાષ્ટ્રનું શોષણ, જેને સામ્રાજ્યવાદ કહે છે, તે સમાપ્ત નહીં થાય ત્યાં સુધી માનવતા શરમજનક સ્થિતમાં જ રહેશે. તેઓ કહેતા હતા, ''ક્રાંતિનો અમારો અર્થ અન્યાય પર આધારિત વર્તમાન સામાજિક વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન છે. તો આપણાં યુવાનો ને આવાં રોલ મોડેલ તરીકે રાખવા જોઈએ જેનાથી તે પણ પોતાનું નામ આ રીતે ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાવી શકે, અથવા તો જેનું લખાયું છે એના સમર્થક રહ્યાનો સંતોષ થાય.જય હિન્દ.

**મન સ્વસ્થ થાય તો ગંગા કાથરોટ માં છે, ભલે નિર્મળ ન હોય, તો દશમ કરો, ભલે હજારો માનવ જીવન હોય**

# ભગવાનનું સ્મરણ શ્વાસ અને ઉચ્છવાસને જોડે છે પછી જીવન અર્થની દિશામાં આગળ વધશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જો સંકલ્પ સારો, સારો અને મજબુત હોય તો એવું કશું જ નથી જે પ્રાપ્ત ન થઈ શકે. જેટલી વાર આપણા નિર્ણયો બદલાતા રહે છે, તેટલી જ આપણી સફળતા પર અસર થશે**

દુનિયામાં માણસ એક માત્ર એવું પ્રાણી છે જે પડવું હોય તો પ્રાણી ઓ કરતાં પણ નીચે પડી શકે છે. અને જો તે ચડવા માંગે છે, તો તે દેવતાઓથી પણ ઉપર જઈ શકે છે. મન સ્વસ્થ થાય તો ગંગા કાથરોટ માં છે,ભલે નિર્મળ ન હોય,તો દશમ કરો, ભલે હજારો માનવ જીવન હોય.. ચિંતકોએ મન વિશે ઘણું લખ્યું છે, મન ને નાથે તે નાથ બીજ બધા અનાથ. વાર્તા નાની છે પણ તેનો પાઠ એટલો મોટો છે કે તે આપણને પરમપિતા ભગવાનને ઓળખવા માટે મજબૂર કરે છે. વાર્તા ખૂબ જ રસપ્રદ અને રમુજી છે. એક શેઠજી હતા. તેમનો બિઝનેસ દેશ-વિદેશમાં ફેલાયેલો છે. એક સમયે શહેરમાં મેળો ભરતો હતો. શેઠજી પણ મેળામાં દર્શન કરવા નીકળ્યા હતા. મેળામાં તે એક માણસને મળ્યો. તેણે પોતાની પાસે રહેલી બોટલ અને તેમાં રહેલું જીન વેચવાનું પણ નક્કી કર્યું હતું. શેઠજીએ કહ્યું, તમે જે વેચો છો તેની કિંમત અને તેની વિશેષતા શું છે તે કહો. તે વ્યક્તિએ જવાબ આપ્યો, તમે તેને જે પણ કામ કહો, તે આંખના પલકારામાં તરત જ તમારા માટે કરી દેશે, પછી ભલે તે દેશનું હોય કે પરદેશનું,હું તો કહું છું કે દુનિયા માં એવું કોઈ કામ નથી જે તે ન કરી શકે. શેઠજી બહુ ખુશ થયા. તેમને દેશ-વિદેશમાં કામ કરી શકે તેવા કામદાર વ્યક્તિની જરૂર હતી. આ જીન તમને એક કલાકનું કામ એક મિનિટમાં અને એક દિવસનું કામ એક કલાકમાં આપશે. શેઠજી આશ્ચર્યચકિત થઈ ગયા. તે એક આશ્ચર્યજનક બાબત છે. મારે એવા કોઈની જરૂર છે. શેઠજીએ તે વ્યક્તિને પૂછ્યું કે તમે તેને કયા ભાવે વેચી શકો છો. વ્યક્તિએ કહ્યું, હું તેને માત્ર એક હજારમાં વેચી શકું છું. હા, હું તમને એક વાત કહેવાનું ભૂલી ગયો અને તે એ છે કે જીનને કામ સોંપવું પડશે.તે કામ વગર બેસી શકતો નથી. તેણે કામ સતત કહેતા રહેવું પડશે.જો તમે તેને કામ નહીં કહો, તો તે તમને ખાઈ જશે. શેઠજીએ એ સાંભળીને વિચાર કર્યો અને પાછળથી કહ્યું કે એવું હોય તો હું જીન મુક્ત રાખું તો એ મને ખાઈ જશે ને ? મારો વ્યવસાય દેશ અને વિદેશમાં છે. એટલું કામ છે કે જીનનું આખું જીવન લાગી જશે.મારું કામઅહીં ક્યારેય પૂરું થતું નથી. શેઠજીએ પેલા માણસને કહ્યું કે તમે ચિંતા ન કરો, હું કામથી મુક્ત નહીં થઈશ. શેઠજીએ જીન લઈને ઘરે આવવું જોઈએ. ઘરની સાફ- સફાઈ અને અન્ય નાના-મોટા કામો કરાવો અને બાદમાં દેશ- વિદેશમાં ચાલતા ધંધાના મોટા કામો કરાવો. શેઠજીનું બધું કામ ઝડપથી પૂરું કરીને જીન શેઠજી પાસે આવીને ઊભો રહ્યો. શેઠજીએ વિચાર્યું કે હવે શું કામ કહું? તે વિચારમાં મગ્ન હતો કે જો હું જીનને કામ નહીં કહું તો તે મને ખાઈ જશે. જીન પણ શેઠજી પાસે આવ્યો અને તેમને કહ્યું કે કામ કહો નહીં તો મરવા તૈયાર થઈ જાઓ. શેઠજી ગભરાઈ ગયા. વીજળીની ઝડપે દોડતો તે તેના ગુરુના આશ્રમમાં પહોંચ્યો જે શહેરની બહાર હતો. ત્યાં સત્સંગ ચાલતો હતો.શેઠજીએ મહાત્માજીના ચરણોમાં પ્રણામ કર્યા અને તેમને તેમની મુશ્કેલીમાંથી બચાવવા પ્રાર્થના કરવા લાગ્યા. શેઠજીએ જીન વિશેની આખી વાર્તા મહાત્માજીને સંભળાવી. મહાત્માજીએ શેઠજીને કહ્યું કે ચિંતા ન કરો, મારી પાસે તેનો ઉપાય છે. શેઠજીના જીવનમાં પુનઃજીવ આવ્યો.મહાત્માજીએ ઉપાય સમજાવતા શેઠજીને કહ્યું કે તમારા જીનમાંથી વિશ્વનો સૌથી મોટો વાંસ મેળવી લો અને તેને તમારા ઘરના આંગણાની સામે અને નજીકમાં દાટી દેવાનું કહો. અને પછીથી, જો જીન ન હોય તો. કામ કરો,તો જનીન મને કહેશે કે જ્યાં સુધી હું તમને બોલાવું નહીં ત્યાં સુધી આ વાંસ ઉપર અને નીચે ચઢી જા. જીનને કહો કે આરોહણ અને અવતરણ ની પ્રક્રિયા ચાલુ રાખે શેઠજી ખૂબ જ ખુશ થયા અને જીનને કહ્યું કે કામ ક્યારેય પૂરું થતું નથી.મેં મહાત્માજીને વંદન કર્યા અને તેમને કહ્યું કે તમે મારી સમસ્યાનું નિરાકરણ પળવારમાં કરી દીધું. શેઠજીએ ઋષિ મહાત્માએ જે કહ્યું હતું તે કર્યું. વિશ્વનો સૌથી મોટો વાંસ મેળવ્યો અને તેને મારા આંગણામાં વાવેલો અને જીનને કહ્યું કે આ વાંસ ઉપર ચઢી જાવ. મિત્રો, આ વાર્તા જીન અને વાંસની નથી પરંતુ તે આપણા બધાના જીવન સાથે જોડાયેલી છે. આ વાર્તા ખૂબ જ રમુજી છે. તેનો હેતુ આના કરતાં સો ગણો વધુ આનંદનો છે. અહીં વાંસ એટલે તમારી દ્રષ્ટિ અને જીન એટલે તમારું મન. આપણું મન જનીન જેવું છે. તેને દરેક વખતે કામ જણાવવું પડે છે. જો તમે મને તમારું કામ નહિ કહો તો તમારું મન તમને અનુસરશે. તે તમને ખાઈ પણ જશે. એક ગુજરાતી કહેવત છે કે કામ વગરનું મન એ શેતાનનું કારખાનું છે. ફિલોસોફરોએ બીજી વાત પણ કહી છે કે આ વાંસ આપણો પરિપ્રેક્ષ્ય છે. ઉપર વાંસ લેતી વખતે એટલે કે દરેક શ્વાસ લેતી વખતે તેને સોહમના જાપ સાથે જોડો. ઊંઘમાં શ્વાસ લેતી વખતે અને શ્વાસ છોડતી વખતે તેને અહમના અજપ જાપ સાથે જોડો. એટલે કે ધ્યાન કરો. જો તમારા સંકલ્પો મજબુત હશે તો જીવન માં કંઈપણ પ્રાપ્ત કરવું હવે અશક્ય નથી. માત્ર મહાન સંકલ્પો જ મહાન લક્ષ્યોની સિદ્ધિ તરફ દોરી જાય છે. ઠરાવમાં મહાન શક્તિ છે. સંકલ્પના બળ પર જ વાંદરાઓ સમુદ્ર પર સેતુ સ્થાપિત કરી શક્યા અને નિશ્ચયના બળ પર જ પાંડવોએ મહાભારતનું યુદ્ધ જીત્યું. જો સંકલ્પ સારો, સારો અને મજબુત હોય તો એવું કશું જ નથી જે પ્રાપ્ત ન થઈ શકે. જેટલી વાર આપણા નિર્ણયો બદલાતા રહે છે, તેટલી જ આપણી સફળતા પર અસર થશે. આ ધરતી પર મહાપુરુષો દ્વારા જે પણ સર્જન થયું છે તે સાનુકૂળ સંજોગોને કારણે નહીં પરંતુ માત્ર નિશ્ચયની શક્તિને કારણે થયું છે. નિશ્ચય સાથે મજબૂત બનો, કોઈ પણ કાર્ય અશક્ય નથી. ભગવાનનું સ્મરણ શ્વાસ અને ઉચ્છવાસને જોડે છે પછી જીવન અર્થની દિશામાં આગળ વધશે. મન શુદ્ધ થશે અને મન મુક્ત થશે.

# ફુદીનાનો ઉપયોગ કેવી રીતે કરવો



ઉનાળામાં ફુદીનાવાળું શરબત અને ચટણી ખાવાથી ગેસની સમસ્યા દુર થાય છે. સ્વાદ જ નહીં સ્વાસ્થ્ય માટે પણ બેસ્ટ છે ફુદીનો, લાંબા સમય સુધી સ્ટોર કરવા માટે અપનાવો આ ટીપ્સ, ફુદીનો સ્વાદ અને સ્વાસ્થ્ય બંનેની દ્રષ્ટિએ આપણો સાથી છે. ઉનાળાની ઋતુમાં તે શરીરને અંદરથી ઠંડક આપે છે. એક્સપર્ટ, પાસે જાણો નિયમિત આહારમાં ફુદીનાનો ઉપયોગ કેવી રીતે કરવો. ફુદીનાની સુગંધ જેટલી મનને ઠંડક આપનારી છે, તેટલા જ તેના સ્વાસ્થ્ય લાભો પણ છે. ચટણી હોય કે આમ પન્ના, રાયતા, પુલાવ જેવી અનેક રેસિપીમાં ફુદીનો સ્વાદમાં ચાર ચાંદ લગાવી દે છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) હવે ઉનાળાની શરૂઆત થઇ ચૂકી છે, ત્યારે શરીરને ઠંડુ રાખવા વિવિધ પીણાઓ પીવાનું મન થાય છે. કાળઝાળ ગરમીમાં ફુદીનો રામબાણ ઈલાજ છે. જે વિવિધ મિનરલ્સ અને વિટામીન-સીનો સારો સ્રોત છે. તો ચાલો જાણીએ તમારી કૂકિંગમાં તમે ફુદીનાને કઈ રીતે સામેલ કરી શકો છો અને તેના અગણિત સ્વાસ્થ્ય લાભો વિશે. શરદી-ઉધરસ થાય તો ફુદીનાની ચા પીવાથી કફ નીકળી જશે. ફુદીનાના પાંદડાના નાંખીને નાસ લેવાથી બંધ નાક ખુલી જશે. જો મોઢાનો સ્વાદ બગડી જાય તો ફુદીનાના તાજા પાન, ખજૂર, મરી, સુકી દ્રાક્ષ અને જીરાને પીસી લો અને તેમાં લીંબૂનો રસ નાંખીને ખાવાથી તમારા મોઢાનો સ્વાદ ઠીક થઇ જશે. ઉધરસ થાય તો ફુદીનાના રસમાં મધ અને આદુનો રસ મિક્સ કરીને પીવો. ફુદીનો વજન ઘટાડવામાં પણ મહત્વની ભૂમિકા નિભાવે છે.- ફુદીનાને સારી રીતે ધોઈને તેના પાનને અલગ કરીને કિચન ટાવલ પર પંખા નીચે રાખી દો. પાણી સૂકાઈ જાય એટલે પેપર નેપકિનમાં પેક કરીને કોઈ એરટાઈટ કન્ટેનરમાં રાખી દો. આમ ૧ સપ્તાહ સુધી આ ફુદીનો કાળો નહીં પડે.

# ગરમીમાં માત્ર ૧૫ મિનિટ એપ્લાય કરો આ ફેસ પેક, ચાંદ જેવો ચહેરો ચમકવા લાગશે

આજે અમે તમને એવા ૨ ફેસ પેક વિશે જણાવીશું જે તમે ગરમીમાં સ્કિન પર એપ્લાય કરો છો તો ડાઘ, ખાડાથી લઈને અનેક સમસ્યાઓ દૂર થઈ જશે. આ ફેસ પેક તમારી સ્કિનને ડિપ ક્લિન કરવાનું કામ કરે છે. ગરમીની શરૂઆત થઈ ગઈ છે. આ દિવસોમાં ખાસ કરીને એક્ને અને પિંપલ્સ જેવી સમસ્યા વધારે થતી હોય છે. આ સાથે સ્કિન ઓઈલી થઈ જાય છે. ઓઈલી સ્કિનને કારણે અનેક સમસ્યાઓ વધારે થવા લાગે છે. તો આજે અમે તમને ૨ ફેસ પેક વિશે જણાવીશું. આ ફેસ પેક ગરમીમાં સ્કિનને લગતી અનેક સમસ્યાઓ દૂર કરે છે. આ ફેસ પેકની સૌથી મોટી ખાસિયત એ છે કે તમે ઝડપથી ઘરે બનાવી શકો છો. તો જાણો ચહેરો ચમકાવવાથી લઈને ડાઘ જેવી સમસ્યાઓને દૂર કરવા માટેના આ ફેસ પેક. સંતરાનો ફેસ પેક સ્કિન માટે અસરકારક સાબિત થાય છે. સંતરાનો ફેસ પેક તમારી સ્કિન પર મસ્ત ગ્લો લાવે છે. આ સાથે તમારી સ્કિનને અંદરથી ડિપ ક્લિન કરવાનું કામ કરે છે. સંતરાનો ફેસ પેક બનાવવા માટે સૌ પ્રથમ સંતરાની છાલ લો અને એને બેથી ત્રણ દિવસ માટે સુકવી લો. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ



નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) ત્યારબાદ આ મિક્સરમાં પીસી લો. હવે ચણાનો લોટ અને હળદર સંતરાના છાલના પાવડરમાં મિક્સ કરી લો. દરરોજ સ્નાન કરતા પહેલાં આ ફેસ પેક લગાવો અને ૧૫ મિનિટ માટે રહેવા દો. ત્યારબાદ ફેસ વોશ કરી લો. પછી ૫ મિનિટ માટે ચહેરા પર મસાજ કરો. આમ કરવાથી ગરમીમાં સ્કિનને લગતી કોઈ સમસ્યા નહીં થાય. આ ફેસ પેકથી તમને તમારી સુંદરતા પાછી મળી જશે. મધનો ફેસ પેક બનાવવા માટે સૌ પ્રથમ અડધી ચમચી મધ લો અને એમાં ૧ ચમચી કોફી પાવડર મિક્સ કરો. આ બન્ને વસ્તુને બરાબર મિક્સ કરી લો. ત્યારબાદ આ પેકમાં લીંબુનો રસ મિક્સ કરો. હવે આ પેકને ફેસ પર લગાવો અને અડધો કલાક માટે રહેવા દો. ત્યારબાદ સાદા પાણીથી ફેસ વોશ કરી લો. આ વિટામીન સી વાળો ફેસ પેક સ્કિનને લગતી અનેક સમસ્યાઓ દૂર કરે છે. આ બન્ને ફેસ પેક તમે સ્કિન પર ગરમીમાં એપ્લાય કરો છો તો સ્કિનને લગતી અનેક સમસ્યાઓમાંથી છૂટકારો મળી જશે. આ સાથે ફેસ અંદરથી ડિપ ક્લિન થશે. પાર્લરમાં જવાનું બને એટલું ટાળવું જોઈએ. તેમાં અત્યારે ફ્રૂટ્સની સિઝન છે. આપણે ફિટ રહેવા માટે દરરોજ ફ્રૂટ્સ ખાતા હોઈએ છીએ એવામાં જો સ્કિન કેર માટે પણ ફ્રૂટ્સનો ઉપયોગ કરવામાં આવે તો ચહેરાની તાજગી અને રંગત નીખરવા લાગશે. હાલમાં એમ પણ સંતરાની મોસમ છે, તમને બજારમાં રસીલા સંતરા સરળતાથી મળી રહે છે. તો આજે આપણે સંતરાથી પેક બનાવીને જ કઈ રીતે ત્વચામાં નિખાર લાવી શકાય તે જોઈએ. ફેસપેક બનાવવા માટે નોંધી લો સામગ્રી- ૩ ચમચી સંતરાનો જ્યુસ, ૨ ચમચી એલોવેરા પલ્પ અને ૧ ચમચી ગ્લીસરીન. બધી સામગ્રીને એક બાઉલમાં મિક્સ કરીને પેસ્ટ બનાવી લો, ત્યારબાદ તેને ચહેરા પર ૨૦ મિનીટ સુધી લાગવી રાખો. આ પછી તેને ચોખ્ખા પાણીથી ધોઈ લો. આ પ્રાકૃતિક મિશ્રણમાં ત્વચાને ભેજ આપવાના ગુણો છે, જેનાથી સ્કીનની ડ્રાયનેસ દૂર થાય છે અને ત્વચા મુલાયમ બને છે.

# કેળા વધારે પાકી ગયા છે તો ફેંકશો નહીં

મોટાભાગના લોકો વધારે પાકી ગયેલા કેળાને ફેંકી દેતા હોય છે. પરંતુ આ કેળાનો ઉપયોગ તમે ગાર્ડનમાં કરો છો તો બેસ્ટ છે. તો જાણો પાકેલા કેળાનો યુઝ બગીચામાં કેવી રીતે કરશો. કેળા કેલ્શિયમથી ભરપૂર હોય છે. આ સાથે કેળામાં બીજા અનેક ગુણો રહેલા હોય છે. કેળા ખાવાની સલાહ એક્સપર્ટ પણ આપ તા હોય છે. પરંતુ સૌથી મોટી સમસ્યા એ છે કે કેળા વધારે લાંબા સમય સુધી રહેતા નથી. કેળા જલદી પાકી જાય છે અને ડાઘા પડવા લાગે છે. આમ, સામાન્ય રીતે મોટાભાગના લોકો આ કેળાને ફેંકી દેતા હોય છે. તમે પણ આવું કરો છો તો આ આર્ટિકલ ખાસ તમારા માટે છે. વધારે પાકી ગયેલા કેળાનો તમે આ રીતે ગાર્ડનમાં ઉપયોગ કરી શકો છો.આમ, વાત કરવામાં આવે તો ફૂલ-છોડને ઉછેરવા માટે લોકો મોંઘા કીટનાશક અને ફર્ટીલાઈઝર ખરીદતા હોય છે. આ કારણે તમે છોડને



સાચવી શકો છો. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે વધારે પાકી ગયેલા કેળા આ માટે બેસ્ટ છે. તો જાણો પાકી ગયેલા કેળામાંથી કેવી રીતે ખાતર બનાવશો. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.)પાકી ગયેલા કેળામાંથી તમે નેચરલ રીતે ખાતર બનાવી શકો છો. આ માટે તમે ખાતરમાં મિક્સ પણ કરી શકો છો. આ સિવાય નેચરલ ફર્ટિલાઈઝર બનાવવા માટે કેળાને પાણીમાં નાખીને ઉકાળી લો. હવે આ પાણીને ત્રણથી ચાર દિવસ માટે રાખી મુકો. તો તૈયાર છે નેચરલ ફર્ટિલાઈઝર. કેળાની છાલને તમે કુંડાની માટીમાં મિક્સ પણ કરી શકો છો. તમારા ગાર્ડનમાં ઊધઈ તેમજ કીડા છોડને નુકસાન કરે છે તો તમે છાલનો ઉપયોગ કરી શકો છો. આ માટે કેળાની છાલને વિનેગરમાં પલાળી રાખો. ત્યારબાદ આ છાલને પ્લાસ્ટિક કન્ટેનરની અંદર રાખીને પાણી ભરો. આ સાથે પ્લાસ્ટિક કન્ટેનરમાં મોટા-મોટા હોલ કરો જેના કારણે અંદર ફસાઈ જશે. કેળાની છાલમાંથી પેસ્ટીસાઈડ સ્પ્રે બનાવવા માટે છાલને કટ કરીને કન્ટેનરમાં પાણી ભરીને ૫ થી ૬ દિવસ માટે મુકી રાખો. ત્યારબાદ આ પાણીને સ્પ્રે બોટલમાં ભરી લો. હવે આ સ્પ્રેને તમે ફૂલ છોડમાં છાંટો. આ સ્પ્રે તમને અનેક રીતે કામમાં આવે છે.

# વાળ ખરે છે? રફ થઇ ગયા છે? તો ફુદીનાનો આ હેર પેક લગાવો



ફુદીનો અનેક ગુણોથી ભરપૂર હોય છે. ફુદીનામાંથી તમે હેર પેક બનાવો અને વાળમાં એપ્લાય કરો છો તો રફનેસ દૂર થાય છે અને સાથે ગ્રોથ પણ ફાસ્ટ વધે છે. આ હેર પેક વાળને લગતી બીજી અનેક સમસ્યાઓ પણ દૂર કરે છે.ફુદીનો એન્ટી બેક્ટેરિયલ અને એન્ટી વાયરલ ગુણોથી ભરપૂર હોય છે જે સ્કેલ્પને લગતી અનેક સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. આ સિવાય ફુદીનાના પાન બીજા પણ અન્ય ગુણોથી ભરપૂર હોય છે જે વાળને લગતી અનેક સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. આમ, તમે ફુદીનાના હેર પેકથી વાળની રફનેસ દૂર કરી શકે છે. આ સાથે બીજા વાળ ઉગાડવામાં મદદ કરે છે. તો જાણો વાળને લગતી અનેક સમસ્યાઓ દૂર કરવા માટે કેવી રીતે ફુદીનામાંથી હેર પેક બનાવશો. ફુદીનાનો હેર પેક બનાવવા માટે સૌ પ્રથમ ફુદીનાના પાન તોડી લો. આ ફુદીનાના પાનને ધોઈ લો. આ માટે મેથી રાત્રે પલાળી દો જેથી કરીને સોફ્ટ થઈ જાય. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) આ મેથીમાં ૩ થી ૪ લવિંગ મિક્સ કરો. બીજા દિવસે સવારમાં આ બધી વસ્તુઓને મિક્સરમાં પીસી લો. હવે આ પેસ્ટને એક બાઉલમાં લઈ લો. ત્યારબાદ આમાં એલોવેરા જેલ મિક્સ કરો. આ પેસ્ટને બરાબર મિક્સ કરી લો. તો તૈયાર છે ફુદીનાનો હેર પેક. આ પેક ઓઈલી હેરમાં લગાવવાનો નથી. આ પેક લગાવવા માટે હેર વોશ કરેલા હોવા જોઈએ. આ પેક વાળમાં લગાવો અને અડધો કલાક માટે રહેવા દો. ત્યારબાદ હેર વોશ કરી લો. હેર વોશ તમારે નોર્મલ શેમ્પૂથી કરવાના રહેશે. ફુદીનાનો આ હેર પેક વાળના બ્લડ સર્કુલેશનને સારું કરે છે. આ સાથે પોર્સને અંદરથી સાફ કરવાનું કામ કરે છે. તમારા વાળ સતત ખરી રહ્યા છે તો આ હેર પેક લગાવવાનું શરૂ કરી દો. ફુદીનાના આ હેર પેકથી નવા વાળ આવવા લાગશે. વાળનો ખોડો દૂર કરવા માટે આ હેર પેક લગાવો. આ હેર પેક તમે અઠવાડિયામાં એક વાર લગાવી શકો છો. આ હેર પેકથી વાળનો ખોડો દૂર થઈ જશે. આ હેર પેક પોર્સમાં જામેલી ગંદકીને દૂર કરે છે. તમારા વાળ રફ થઈ ગયા છે તો તમે આ હેર પેક લગાવવાનું શરૂ કરી દો. આ હેર પેકથી વાળ મસ્ત સિલ્કી થઈ જશે.

BOLLYWOOD NEWS FLASH

# પરવીન બાબી પાછળ લટ્ટુ થયો હતો ઓસ્ટ્રેલિયાનો એન્જીનિયર



બોલિવૂડના ખતરનાક વિદેશી વિલન બોબ ક્રિસ્ટોનો જન્મ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં વર્ષ ૧૯૩૮માં થયો હતો

૯૦ના દશકની ફિલ્મોમાં સામાન્ય રીતે એક અંગ્રેજ વિલનનો રોલ કરતા નજરે પડતો હતો. ફિલ્મ મર્દથી લઈને કાલિયા અને મિસ્ટર ઈન્ડિયા જેવી અનેક સારી ફિલ્મોમાં કામ કર્યુ. તો અમે વાત કરી રહ્યા છીએ બોબ ક્રિસ્ટોની. બોબ ભલે ફિલ્મોમાં લડાઈ ઝઘડા કરતો હોય પરંતુ રિયલ લાઈફ રોમાન્સના કિસ્સાઓ પણ જોરદાર હતા. બોબનું ભારત આવવાન એક કિસ્સો ખૂબ રસપ્રદ હતો. એક દિવસ બોબ ક્રિસ્ટો એક મેગેઝિનમાં ફેમસ એક્ટ્રેસ પરવીન બાબીની એક તસવીર જોઈ અને જોતા રહી ગયા. પરવીનને મળવા માટેની ઈચ્છા પૂરી કરવા બોબ મુંબઈ પહોંચ્યા હતા. ત્યારબાદનો કિસ્સો વધારે રસપ્રગ છે. બોલિવૂડના ખતરનાક વિદેશી વિલન બોબ ક્રિસ્ટોનો જન્મ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં વર્ષ ૧૯૩૮માં થયો હતો. વર્લ્ડ વોર-૨માં પિતાની સાથે જર્મની ગયા હતા. ત્યાં દાદી અને ફોઈ એમની કેર કરી. બોબ થોડા સમય પછી એક થિએટરમાં કામ કરતા રહ્યા પરંતુ આ ફિલ્ડમાં કરિયર કંઈ ખાસ બની નહીં. સિવિલ એન્જીનિયર્સમાં ભણવાનું પૂરું કર્યા પછી કરિયર બનાવ્યુ. થિએટરમાં કામ દરમિયાન બોબની મુલાકાત હેલ્ગા સાથે થઈ જે પછી એમની જીવનસાથી બની અને પછી બાળકો થયા. પરિવારનું મસ્ત સેટલ થઈ ગયુ ત્યાં એક કાર એક્સિડન્ટમાં હેલ્ગાનું મોત થયુ. ત્યારબાદ બોબને નરગિસ નામની એક સ્ત્રી સાથે બીજા લગ્ન કર્યા. જેમને એક દિકરો પણ થયો. ૨૦ માર્ચ ૨૦૧૧ના રોજ હાર્ટ એટેકથી બોબનું નિધન થયુ હતુ. એક વાર એક ઈન્ટરવ્યુમાં બોબ ક્રિસ્ટોએ મજેદાર કિસ્સો શેર કરતા કહ્યું હતુ કે એમને એક મેગેઝિનન કવર પેજ પર પરવીન બાબીની તસવીર જોઈને અને જોતા

# બીજા બાળકના જન્મ બાદ પણ અનુષ્કા કામ પર પરત ફરી



બોલિવુડની સ્ટાર એક્ટ્રેસ અનુષ્કા શર્માએ હાલમાં જ તેના બીજા બાળકને જન્મ આપ્યો છે. અનુષ્કા બીજા બાળકના જન્મ બાદ કેમેરા સામે જોવા મળી નથી, પરંતુ હવે એક્ટ્રેસે તેની એક તસવીર શેર કરીને તેની એક ઝલક બતાવી છે. અનુષ્કા શર્માના ફેન્સ તે રાહ જોઈને બેઠાં છે કે તે સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલીની આઈપીએલ ટીમ આરસીબીની મેચ જોવા માટે ભારત આવે. તમને જણાવી દઈએ કે અનુષ્કા શર્માના બાળકનો જન્મ ૧૫ ફેબ્રુઆરીએ થયો હતો ત્યારથી તે લંડનમાં છે. અનુષ્કા શર્માએ તેની પહેલી ઝલક ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેમાં તે એક જાહેરાતમાં જોવા મળે છે. અનુષ્કાએ તેનો એક ફોટો શેર કર્યો છે, જેમાં તે વ્હાઈટ શર્ટ અને બ્લૂ જીન્સમાં જોવા મળી રહી છે. આ તસવીરમાં એક્ટ્રેસના ફેસ પર બિગ સ્માઈલ જોવા મળી રહી છે. અનુષ્કા શર્માની પોસ્ટ પર ફેન્સ જોરદાર વખાણ કરી રહ્યા છે.

# કંઈ બરાબર નથી, લગ્ન પછી સોનારિકા ભદૌરિયાએ કહ્યું

## જરૂરી નથી કે જે વસ્તુઓ સરળતાથી થાય છે તે યોગ્ય જ હોય છે, આવી પોસ્ટ પછી ફેન્સ પણ ચોંકી ગયા છે



દેવોં કે દેવ મહાદેવ'ની અભિનેત્રી સોનારિકા ભદૌરિયા, પાર્વતી છેલ્લા કેટલાક દિવસોથી પોતાના અંગત જીવનના કારણે ચર્ચામાં છે. હોળીના દિવસે અભિનેત્રી તેના પતિ વિકાસના ચરણ સ્પર્શ કરીને ગુલાલ લગાવતી જોવા મળી હતી. પછી ચાહકોએ અનુમાન કર્યું કે અભિનેત્રી તેના અંગત જીવનમાં ખુશ છે. પરંતુ સોશિયલ મીડિયા પર દેખાતી દરેક વસ્તુ સાચી નથી હોતી, હવે અભિનેત્રીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર કંઈક એવું લખ્યું છે, જેનાથી ફેન્સ ચોંકી ગયા છે. હાલમાં અભિનેત્રીની પ ોસ્ટની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. સોનારિકાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ઈમોશનલ પોસ્ટ શેર કરી છે. અભિનેત્રીએ કહ્યું, 'કંઈ સારું થતું નથી. જે પણ હોય તે તમારે જાતે જ કરવું પડશેપ મારા પર વિશ્વાસ કરો સારી વસ્તુઓ ક્યારેય આસાન નથી આવતી. જરૂરી નથી કે જે વસ્તુઓ સરળતાથી થાય છે તે યોગ્ય જ હોય છે. અભિનેત્રીની આવી પોસ્ટ પછી ફેન્સ પણ ચોંકી ગયા છે. સોનારિકાએ શા માટે આવી પોસ્ટ કરી?

# ૧૮ વર્ષના કરિયરમાં આપી ઘણી ફિલ્મો

## બોક્સ ઓફિસ પર ફ્રુસ થયા પછી એણે હાલમાં જ પોતાની તુલના સુપરસ્ટાર સાથે કરી લીધી છે

બોલીવુડની બેબાક હસીના, જેણે ૧૮ વર્ષના કરિયરમાં ૩૫ ફિલ્મોમાં કામ કર્યું છે. ચાર નેશનલ ફિલ્મ એવોર્ડ અને પાંચ ફિલ્મફેર એવોર્ડ સહીત ઘણા એવોર્ડ્સ પોતાના નામે કર્યા છે. એટલું જ નહિ ૩૭ વર્ષની આ એક્ટ્રેસ ફોર્બ્સ ઈન્ડિયા ૧૦૦ સેલિબ્રિટીની લિસ્ટમાં છ વખત શામેલ થઈ છે. ૧૮ વર્ષોથી ફિલ્મોમાં કામ કરવા વાળી આ એક્ટ્રેસ હિટ ફિલ્મો માટે નહિ પરંતુ પ ોતાના નિવેદનો માટે કોન્ટ્રોવર્સીમાં રહે છે. એક વાર ફરી એવું કહ્યું છે જેના કારણે ચર્ચામાં આવી ગઈ છે. ૧૮ વર્ષના કરિયરમાં એક્ટ્રેસની એક બે નહિ પરંતુ ૨૪-૨૫ ફિલ્મ ફ્લોપ અને ડિઝાસ્ટર સાબિત થઈ. સતત બોક્સ ઓફિસ પર ફ્રુસ થયા પછી એણે હાલમાં જ પોતાની તુલના સુપરસ્ટાર સાથે કરી લીધી છે. કોણ છે આ ૩૭ વર્ષની હસીના, તમે અંદાજો લગાવી લીધો હશે. જો નહિ તો એક હિન્ટ આપીએ, આ એક્ટ્રેસ હાલમાં જ નેતા બની છે, હવે તમે સમજી ગયા હશો. આ અભિનેત્રી બીજું કોઈ નહીં પણ કંગના રનૌત છે. કંગનાએ તાજેતરમાં જે કહ્યું તે હેડલાઈન્સમાં છે. કંગના રનૌતે તાજેતરમાં બોક્સ ઓફિસ પર ફ્લોપ ફિલ્મોની લાઈન લગાવી છે. 'ધાકડ' અને 'થલાઈવી'થી લઈને 'તેજસ' અને 'ચંદ્રમુખી ૨' સુધી, તેની તમામ તાજેતરની ફિલ્મોને દર્શકો તેમજ વિવેચકો તરફથી હળવો પ્રતિસાદ મળ્યો છે. હવે, અભિનેત્રીએ ટિકિટ બારી પર ઘણી ફ્લોપ નો સામનો કરવા પર આખરે પોતાનું મૌન તોડ્યું છે. તેણે ટાઈમ્સ નાઉ સમિટમાં સતત ફ્લોપ ફિલ્મો પર વાત કરી અને પોતાને છેલ્લા સુપરસ્ટાર્સમાંના એક ગણાવી. કંગનાએ કહ્યું, 'આખી દુનિયામાં તેના જેવું કોઈ નથી. શાહરૂખ ખાનની ૧૦ ફિલ્મો ન ચાલી, પછી 'પઠાણ'માં કામ કર્યું. ૭-૮ વર્ષ સુધી મારી કોઈ ફિલ્મ ચાલી નહીં, પછી 'ક્વીન' ચાલી, પછી ૩-૪ વર્ષ પછી 'મણિકર્ણિકા' ચાલી. હવે આગામી 'ઈમરજન્સી' રિલીઝ થઈ રહી છે, તમે નથી જાણતા, પરંતુ કોણ જાણે છે કે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કમાલ કરશે. ત્યારે કંગનાએ પોતાને અને શાહરૂખને આ પેઢીના છેલ્લા સુપરસ્ટાર ગણાવ્યા અને કહ્યું કે્ સ્ટાર્સ બનાવી શકે નહીં. તેણે કહ્યું, 'અમે જાણીતા ચહેરા છીએ અને ભગવાનની કૃપ ાથી અમારી ખૂબ માંગ છે. પરંતુ, માત્ર કલાના ક્ષેત્રમાં ડૂબી જવાને બદલે, હું મારી જાતને વાસ્તવિક દુનિયા સાથે પણ જોડવા માંગુ છું. કંગના રનૌત હવે અભિનેત્રીની સાથે નેતા પણ બની ગઈ છે. ભાજપે કંગનાને મેદાનમાં ઉતારી છે. તેમને હિમાચલ પ્રદેશના મંડીથી લોકસભા ચૂંટણીની ટિકિટ મળી છે.



# હજારોના બ્રાન્ડેડ કપડાં ભારતના પાડોશી દેશમાં બને છે માત્ર ૮૦ પૈસામાં

## ઢાકામાં ૪૦ લાખથી વધુ કામદારો અને નાના કારીગરો રહે છે, આ શહેરમાં મજૂરોની સંખ્યા સતત વધી રહી છે

આપણે ભારતમાં વોલમાર્ટ, ટોમી હિલ્ફીગર, પુમાથી લઈને ગેપ સુધીની બ્રાન્ડના રેડીમેડ કપડાં હજારોની કિંમતમાં ખરીદીએ છીએ. જે બાંગ્લાદેશમાં બનાવવામાં આવે છે. બાંગ્લાદેશમાં આ બ્રાન્ડેડ કપડાં બન્યા બાદ તે ભારત, યુરોપ અને અમેરિકાના બજારોમાં વેચાય છે. આ બ્રાન્ડેડ ગાર્મેન્ટ્સ ભારતમાં હજારો રુપિયામાં વેચાય છે. પરંતુ શું તમે વિચાર્યું છે કે, આ કપડાં તૈયાર કરનાર કારીગરોને કેટલા પૈસા મળતા હશે? તમને જાણીને નવાઈ લાગશે કે આ કપડા તૈયાર કરનાર કારીગરોને પ્રતિ કલાક દસ રુપિયા પણ નથી મળતા.



એક ટી-શર્ટ બનાવવાનું મહેનતાણું ભાગ્યે જ ૮૦ પૈસા જેટલું મળતુ હશે. બાંગ્લાદેશની રાજધાની ઢાકાની બે અલગ-અલગ દુનિયા છે. એક દુનિયા સ્વચ્છ રસ્તાઓની બંને બાજુ ઉંચી દિવાલોની પાછળ વૈભવી બંગલામાં રહેતા અને તમામ સુખ-સુવિધાઓનો આનંદ માણતા લોકોની છે. તો બીજી દુનિયા ૪,૦૦૦થી વધુ રેડીમેડ ગારમેન્ટ ફેક્ટરીઓની આસપાસ સતત વિસ્તરતી ઝૂંપડપટ્ટીમાં રહેતા લાખો કામદારો અને નાના કારીગરોની છે. ઢાકામાં ૪૦ લાખથી વધુ કામદારો અને નાના કારીગરો રહે છે. આ શહેરમાં મજૂરોની સંખ્યા સતત વધી રહી છે. જણાવી દઈએ કે, ઢાકા વિશ્વમાં સૌથી ઓછી મજૂરી ચુકવતું શહેર છે.

બાંગ્લાદેશમાં વિશ્વની સૌથી મોટી રેડીમેડ બ્રાન્ડના કપડાં બનાવવામાં આવે છે. જેર્મી સીબ્રુકની બુક 'ધ સોંગ ઓફ શર્ટ'માં આ અંગે વિસ્તારથી લખવામાં આવ્યું છે. એક સમયે દર વર્ષે પૂર અને તોફાનનો ભોગ બનતો આ નાનો દેશ હવે ચીન પછી વિશ્વનો બીજો સૌથી મોટો રેડીમેડ ગાર્મેન્ટ્સ નિકાસકાર દેશ બની ગયો છે. અહીં બનેલા ટી-શર્ટ, સ્વેટર, ટ્રાઉઝર, પુરુષો અને વીમેન્સ શર્ટ વિશ્વના દરેક ખૂણામાં સપ્લાય થાય છે. અહીંના ૫૫૦૦થી વધારે કારખાનાઓમાં દરરોજ ૧.૨૫ લાખ ટી-શર્ટ્સ બને છે. આ કારખાના ઢાકા, ચટગાંવ અને આસપાસના વિસ્તારોમાં આવેલા છે. વિશ્વની મોટાભાગની સૌથી મોટી ગારમેન્ટ બ્રાન્ડ્સ તેમના પ્રોડક્ટ્સને બાંગ્લાદેશથી જ આઉટસોર્સ કરે છે, કારણ કે બાંગ્લાદેશ પાસે વિશ્વનું સૌથી ઓછું શ્રમનું વેતન છે. તેનાથી બ્રાન્ડ્સના ખર્ચમાં ઘટાડો થાય છે. તેમના કામમાં ઘણું ફિનિશિંગ હોય છે. તેમ છતાં વિદેશમાં હજારો રૂપિયામાં વેચાતા આ કપડાં બનાવતા બાંગ્લાદેશી કારીગરો અને કામદારોને એક શર્ટ બનાવવાના ૧૦ રૂપિયા પણ નથી મળતા. યુરોપની સૌથી મોટી રેડીમેડ રિટેલર હેન્સ એન્ડ મોરિટ્ઝ એટલે કે ઊઁશ્સ્નું અડધું કામ બાંગ્લાદેશમાં જ થાય છે. વિશ્વની સૌથી મોટી રિટેલ બ્રાન્ડ વોલમાર્ટ, બ્રિટનની પ્રાઈમર્ક, ઈટાલીની રાલ્ફ લોરેન બાંગ્લાદેશમાં સતત ઓર્ડર વધારી રહી છે. કન્સલ્ટન્સી ફર્મ મેકેન્ઝીએ દાવો કર્યો હતો કે, ૨૦૨૦ સુધીમાં બાંગ્લાદેશ તૈયાર વસ્ત્રોની નિકાસમાં ચીનને પાછળ છોડી દેશે.

### કારીગરોને પ્રતિ કલાક દસ રૂપિયા પણ નથી મળતા

લગભગ ૨૦૦ વર્ષ પહેલાં ઢાકાના મલમલ અને મુર્શિદાબાદના રેશમનું ભરતકામ કરવામાં આવતું હતું. બંગાળના વસ્ત્રોની કારીગરી દુનિયાભરમાં પ્રખ્યાત હતી. પરંતુ અંગ્રેજોએ પોતાના બિઝનેસને પ્રોત્સાહન આપવા માટે બંગાળના આ ઉદ્યોગને બરબાદ કરી નાંખ્યો. બ્રિટિશરોએ માન્ચેસ્ટરમાં બનાવેલા સસ્તી ક્વોલિટીના કપડાથી ભારતીય બજારોને પછાડી દીધા હતા. પરિણામે બંગાળના મલમલ અને રેશમ કારીગરોએ તેમના પરિવારનું ગુજરાન ચલાવવા માટે અન્ય ધંધા શરૂ કર્યા. તેમ છતાં કપડાં પર બારીક કામ કરવાની કારીગરી તેમના હ્ગ્રદ્ધછમાં જ રહી, જે ફરી એકવાર માથું ઊંચકી રહી છે. જણાવી દઈએ કે બાંગ્લાદેશનો ટેક્સટાઈલ ઉદ્યોગ સતત વધી રહ્યો છે. આ સાથે જ માન્ચેસ્ટરની ટેક્સટાઇલ ફેક્ટરી અને રેડીમેડ ગાર્મેન્ટ ઉદ્યોગને તાળાં લાગી ગયા છે. બાંગ્લાદેશના રેડીમેડ ઇન્ડસ્ટ્રીના પિતા તરીકે જાણીતા નુરુલ કાદર ખાને ૧૯૭૮માં પહેલી વખત ૧૩૦ યુવાનોને સાઉથ કોરિયામાં ટ્રેનિંગ માટે મોકલ્યા હતા. જ્યારે આ યુવાનો ટ્રેનિંગ લઈને પરત ફર્યા, ત્યારે બાંગ્લાદેશની પ્રથમ ગારમેન્ટ ફેક્ટરી ખોલવામાં આવી હતી અને બહારથી કામ લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. બાંગ્લાદેશમાં એક પછી એક અનેક ફેક્ટરીઓનો પાયો નંખાવા લાગ્યો. બાંગ્લાદેશની રેડીમેડ ગાર્મેન્ટ ઇન્ડસ્ટ્રી ૧૯૮૫માં ૩૮૦ મિલિયન ડોલરની હતી. પછી ૨૦૧૯ સુધીમાં તે ૨૨.૪૯ અબજ ડોલરની બની હતી. બાંગ્લાદેશની નિકાસની કમાણીનો લગભગ ૮૦ ટકા હિસ્સો આ ઇન્ડસ્ટ્રીમાંથી આવે છે. બાંગ્લાદેશમાં સારા કોટનથી બનેલી ટી-શર્ટની કિંમત ૧.૬૦ ડોલરથી ૬.૦૦ ડોલર સુધીની છે. જે પછી મોંઘા ભાવે વેચાય છે.

# વિશ્વની સૌથી મોટી તોપ, જેને ખેંચીને હાથી પણ થાકી જાય

**જયબાણ તોપનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, આ વિશાળ તોપને હાથી દ્વારા જ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે**



પ્રાચીન સમયથી યુદ્ધમાં શસ્ત્રોનું પ્રભુત્વ છે. સૈન્ય પાસે જે શસ્ત્રો છે તે મુજબ યુદ્ધ લડવામાં આવે છે. કેટલાક શસ્ત્રો એવા હોય છે જે લગભગ દરેક યુદ્ધમાં મહત્વપૂર્ણ હોય છે. તોપની જેમ, તેનો એક ગોળો ઘણા લોકોને નુકસાન પહોંચાડે છે. પ્રાચીન સમયમાં, તોપ યુદ્ધનો એક મહત્વપૂર્ણ ભાગ હતો અને આજે પણ તોપ સેનાઓ પર પ્રભુત્વ ધરાવે છે. બાબરે પ્રથમ વખત તોપનો અસરકારક ઉપયોગ કર્યો હતો. આવી જ એક અનોખી તોપ, જે હજુ પણ સુરક્ષિત સ્થિતિમાં રાખવામાં આવી છે. તેને વિશ્વની સૌથી મોટી તોપ કહેવામાં આવે છે.

આજે પણ જયપુરના જયગઢ કિલ્લામાં જયબાણ તોપ સુરક્ષિત રાખવામાં આવી છે. જયબાણ તોપ મહારાજા સવાઈ જયસિંહ II (૧૬૯૯-૧૭૪૩) ના શાસન દરમિયાન જયગઢમાં બનાવવામાં આવી હતી. તેણે તેના સામ્રાજ્યના રક્ષણ માટે તેનું નિર્માણ કર્યું હતું. આ એકમાત્ર વિશાળ તોપ છે, જે યુદ્ધ માટે બનાવવામાં આવી હતી. પરંતુ, આ તોપનો ઉપયોગ ક્યારેય યુદ્ધ માટે થયો જ નહીં. જયબાણ તોપનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, આ વિશાળ તોપને હાથી દ્વારા જ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે. જયબાણ તોપના બેરલની લંબાઈ ૬.૧૫ મીટર (૨૦.૨ ફૂટ) છે. અને તેનું વજન ૫૦ ટન છે. બેરલની ટોચની નજીકનો પરિઘ ૨.૨ મીટર (૭.૨ ફૂટ) છે અને પાછળનો પરિઘ ૨.૮ મીટર (૯.૨ ફૂટ) છે. બેરલનો બોર વ્યાસ ૧૧ ઈંચ છે. ટોચ પર બેરલની જાડાઈ ૮.૫ ઈંચ છે. આ તોપ કિલ્લાની અંદર જ બનાવવામાં આવી હતી. જયબાણ તોપ બે વિશાળ પૈડા પર બનાવવામાં આવી હતી.

**આ તોપનો ઉપયોગ ક્યારેય યુદ્ધ માટે થયો જ નહીં**

આમાં એક વ્હીલનો વ્યાસ લગભગ ૧.૩૭ મીટર (૪.૫ ફૂટ) છે. આ ઉપરાંત, વાહનમાં પરિવહન માટે બે દૂર કરી શકાય તેવા વધારાના વ્હીલ્સ પણ છે, જેનો વ્યાસ લગભગ ૯ ફૂટ છે. આશરે ૧૦૦ કિલો ગનપાઉડર સાથે ૫૦ કિલો વજનના શેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ટ્રાયલ તરીકે એક વખત ચલાવવામાં પણ આવી હતી. એવું માનવામાં આવે છે કે, જયબાણ તોપનું માત્ર એક જ વાર પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જ્યારે તે ફોડવામાં આવી ત્યારે તે શેલ લગભગ ૩૫ કિલોમીટર દૂર આવેલા ચક્ષુ નામના નગરમાં પડ્યો હતો અને ત્યાં પડતાં તળાવનું નિર્માણ થયું હતું. જયપુરના જયગઢ કિલ્લામાં ઘણી ઐતિહાસિક વસ્તુઓ છે. પરંતુ, સૌથી કિંમતી જયબાણ તોપ છે. તેને જોવા માટે હજારો પ્રવાસીઓ અહીં આવે છે. જયબાણ તોપ જોવા માટે એક ટિકિટ ૫૦ રૂપિયા છે. આ તોપ એટલી મજબૂત બનાવવામાં આવી છે કે, વર્ષો પછી પણ તેને કાટ લાગ્યો નથી. આ તોપ હજુ પણ એવી જ દેખાય છે. જયબાણ તોપ જયપુરના રાજાઓ માટે બ્રહ્માસ્ત્રથી ઓછી ન હતી. આથી આજે પણ રાજવી પરિવાર દ્વારા તહેવારો દરમિયાન આ જયબાણ તોપની પૂજા કરવામાં આવે છે.

**ઈમ્પીરીયલ કોલેજ લંડન, યુકેના એક સંશોધનમાં જાણવા મળ્યું**

# ૬૦ ટકા ભારતીય બાળકો મગજની ઈજાને કારણે મૃત્યુ પામે છે

## આ સ્થિતિ સાથે જન્મેલા શિશુઓમાં મૃત્યુ અને અપંગતાનું મુખ્ય કારણ HIE છે, જે દર વર્ષે આશરે ૩ મિલિયનને અસર કરે છે



એક સંશોધનમાં સામે આવ્યું છે કે ૬૦ ટકા ભારતીય બાળકો મગજની ઈજાને કારણે મૃત્યુ પામે છે. હવે આ સંશોધનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે સામાન્ય રક્ત પરીક્ષણ દ્વારા ઈજાને સરળતાથી શોધી શકાય છે. તેમજ ઈજા પાછળનું કારણ પણ જાણી શકાશે. તે ભારતમાં જીવલેણ રોગના દરજ્જે પહોંચી રહ્યું છે. આ સંશોધનમાં ઘણા કારણો સૂચવવામાં આવ્યા છે, જેમાંથી એક હાયપોક્સિક-ઈસ્કેમિક એન્સેફાલોપથી છે. આ પ્રકારની મગજની ઈજા ત્યારે થાય છે જ્યારે બાળકને જન્મ પહેલાં અથવા તરત જ પૂરતો ઓક્સિજન મળતો નથી. જેટલું તેમને મળવું જોઈએ.

આ સ્થિતિ સાથે જન્મેલા શિશુઓમાં મૃત્યુ અને અપંગતાનું મુખ્ય કારણ HIE છે, જે દર વર્ષે આશરે ૩ મિલિયનને અસર કરે છે. ઈમ્પીરીયલ કોલેજ લંડન, યુકેના સંશોધકોએ જનીન અભિવ્યક્તિની પેટર્ન શોધી કાઢી હતી જે લોહીમાં શોધી શકાય છે. ઈજાનું કારણ સૂચવી શકે છે અને ડોકટરોને કહી શકે છે કે શું નવજાતની સારવાર કરી શકાય છે. સંશોધકોએ જણાવ્યું હતું કે ઓક્સિજનની અછતને કારણે મગજની ઈજા કલાકોથી મહિનાઓ સુધી પ્રગતિ કરી શકે છે અને મગજના વિવિધ ભાગોને અસર કરી શકે છે. જે માથાનો દુખાવો, વાઈ, બહેરાશ અથવા અંધત્વ જેવી વિવિધ સંભવિત ન્યુરોડિસેબિલિટીમાં પરિણમી શકે છે.

આ સંશોધન વધુમાં જણાવે છે કે આ રોગનો ભાર દક્ષિણ એશિયા અને ખાસ કરીને ભારતમાં સૌથી વધુ છે. વિશ્વમાં HIE સંબંધિત તમામ મૃત્યુમાં આ દેશનો હિસ્સો ૬૦ ટકા છે. ઈમ્પીરીયલ કોલેજ લંડન, યુકેના સંશોધકોએ જનીન અભિવ્યક્તિની પેટર્ન શોધી કાઢી હતી જે લોહીમાં શોધી શકાય છે. ઈજાનું કારણ સૂચવી શકે છે અને ડોકટરોને કહી શકે છે કે શું નવજાતની સારવાર કરી શકાય છે. સારવારને પ્રતિસાદ આપી શકે છે, જેનો ઉપયોગ સામાન્ય રીતે મગજની ઈજાની સારવાર માટે થાય છે. JAMA નેટવર્ક ઓપન જર્નલમાં પ્રકાશિત, એક સરળ પરીક્ષણ નવજાત શિશુમાં મગજની ઈજાના પ્રારંભિક નિદાન તરફ દોરી શકે છે અને સારવારના નિર્ણયોમાં મદદ કરી શકે છે. અભ્યાસમાં ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો તેમજ ઉચ્ચ આવક ધરાવતા દેશો ના બાળકોનો સમાવેશ થાય છે.

**ઇંગ્લેન્ડના લીસ્ટરમાં રહેતા શખ્સે પોસ્ટ કરી**

# ૧૦ કરોડમાં વેચાઇ રહી છે અડધી ખાધેલી સેન્ડવિચ



## આ સેન્ડવિચ ખૂબ જ ક્રિસ્પી છે અને તેથી જ તેને વેચવામાં આવી રહી છે કારણ કે તેનો માલિક તેને સંપૂર્ણ રીતે પૂરી ન કરી શક્યો

તમે વધારેમાં વધારે એક સેન્ડવિચની કેટલી કિંમત આંકી શકો છો? સામાન્ય રીતે ૪૦-૫૦ રૂપિયાથી લઈને તેને ૨૦૦-૨૫૦ રૂપિયા સુધીમાં તમે ખરીદી હશે. તેની કિંમત સેન્ડવિચની ફિલિંગ અને તમે તેને ક્યાંથી ખરીદી રહ્યાં છો તેના પર આધારિત હોય છે. જો કે અમે આજે જે સેન્ડવિચની વાત કરી રહ્યાં છીએ, તે આ બધાથી લાખો-કરોડો ગણા ભાવે વેચાઈ રહી છે. તમે પણ વિચારી રહ્યાં હશો કે આખરે આ સેન્ડવિચમાં એવું તો શું છે? સેન્ડવિચ જો બહુ જ સારી અને ચીઝી હોય તો પણ તેની કિંમત ૫૦૦ રૂપિયાથી વધારે તો ન જ હોઈ શકે.



જો કે આ સમયે એક એવી સેન્ડવિચ ફેસબુક પર વેચાઈ રહી છે, જેને ૧૦ કરોડ રૂપિયામાં વેચવામાં આવી રહી છે. સૌકોઈ મૂંઝવણમાં મૂકાઈ ગયા છે કે આ કોની એંઠી સેન્ડવિચ છે? ન્યૂયોર્ક પોસ્ટના રિપોર્ટ અનુસાર, સેન્ડવિચને માર્કેટપ્લેસ પર વેચાણ માટે મૂકવામાં આવી છે. આ એવી જગ્યાએ સેલ માટે મૂકવામાં આવી છે, જ્યાં લોકો ઉપયોગમાં લીધેલો સામાન પણ ખરીદી શકે છે. ફેસબુક માર્કેટપ્લેસ પર ઈંગ્લેન્ડના લીસ્ટરમાં રહેતા એક શખ્સે એક પોસ્ટ કરી હતી. તેની ડિટેલ્સમાં લખવામાં આવ્યું છે કે, આ નવી ગ્રિલ્ડ અને અડધી ખાધેલી સેન્ડવિચ છે. તેમાં ચીઝ અને મીટનો ઉપયોગ થયો છે. આ સેન્ડવિચ ખૂબ જ ક્રિસ્પી છે અને તેથી જ તેને વેચવામાં આવી રહી છે કારણ કે તેનો માલિક તેને સંપૂર્ણ રીતે પૂરી ન કરી શક્યો. આ પોસ્ટમાં તે નથી જણાવવામાં આવ્યું કે, સેન્ડવિચની કિંમત ૧.૩ મિલિયન યુએસ ડોલર્સ એટલે કે ૧૦ કરોડ રૂપિયાથી વધુ કેમ રાખવામાં આવી છે. તે વિગતો પણ આપવામાં નથી આવી કે આ સેન્ડવિચ કોણે ખાધી છે.

એવું નથી કે પહેલીવાર કોઈએ આ પ્રકારનો ફોટો મૂક્યો છે. એક શખ્સે પહેલા પર એક એવી પોસ્ટ નાંખી હતી, જેમાં તેણે પોતાના લંચનો ફોટો મૂક્યો હતો. તેના લંચમાં બાફેલા બટાકા અને બેક્ડ બીન્સ હતાં. જેને તેણે નોર્મલ પ્લેટ પર નહીં પરંતુ માઈક્રોવેવના બેકિંગ પ્લેટ પર મૂક્યા હતાં. તેણે કેપ્શનમાં લખ્યું હતું કે, તે મોબાઈલ એન્જિનિયર છે અને તેની વેનમાં માઈક્રોવેર રાખેલું છે. તે ખાવાનું ભૂલી ગયો હતો, તેવામાં તેણે આ જ પ્લેટમાં જમવુ પડી રહ્યું છે. તેણે કહ્યું કે, આનાથી ખરાબ લંચ ન હોઈ શકે.

ન્યૂઝ બ્રિફ

## હત્યાના આરોપીએ જેલમાંથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર લાઈવ કર્યું

। (એજન્સી) બરેલી, તા.૩૦ ।

હત્યાના આરોપીઓ પાસે જેલમાં મોબાઈલ ફોન હોવાના કેસની તપાસ કર્યા બાદ જેલ પ્રશાસને બરેલી સેન્ટ્રલ જેલના ત્રણ જેલ વોર્ડરને સસ્પેન્ડ કરી દીધા છે. હત્યાના આરોપીએ જેલમાંથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ કર્યું હતું. આ પછી જ્યારે આ વીડિયો વાયરલ થયો તો આ મામલાની ફરિયાદ અધિકારીઓને કરવામાં આવી. ફરિયાદ મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. એજન્સી અનુસાર, બરેલી સેન્ટ્રલ જેલમાં બંધ હત્યાના આરોપી આસિફે ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ વીડિયો હોસ્ટ કર્યો હતો. વીડિયો સામે આવ્યા બાદ અધિકારીઓએ તપાસના આદેશ આપ્યા છે. બે મિનિટના વીડિયોમાં આસિફને એવું કહેતા સાંભળી શકાય છે કે હું સ્વર્ગમાં છું અને તેનો આનંદ માણી રહ્યો છું. જેલના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (DIG) કુંતલ કુમારે જણાવ્યું કે ત્રણ જેલ વોર્ડર રવિશંકર દ્વિવેદી, હંસ જીવ શર્મા અને ગોપાલ પાંડેને શુક્રવારે ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ડેપ્યુટી જેલર કિશન સિંહ બલદિયાને જેલ હેડક્વાર્ટર લખનઉ સાથે જોડવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આ ઘટના અંગે જેલર વિજય કુમાર રાય અને નીરજ કુમાર પાસેથી લેખિત ખુલાસો માંગવામાં આવ્યો છે.

## દૂધસાગર ડેરીએ ભાવ વધારા માટેની જાહેરાત કરી

। (એજન્સી) મહેસાણા, તા.૩૦ ।

નવા ફાઈનાન્શિયલ વર્ષ પહેલા જ ઉત્તર ગુજરાતની સૌથી મોટી ડેરીએ પશુપાલકોને મોટી ભેટ આપી છે. દૂધસાગર ડેરીએ દૂધ ઉત્પાદકોના દૂધના ભાવમાં વધારો કર્યો છે. દૂધસાગર ડેરીએ દૂધના ભાવમાં કિલોફેટે ૧૦ રૂપિયાનો વધારો કર્યો છે. દુધસાગર ડેરીએ દૂધના ભાવ કિલોફેટે ૮૧૦ થી વધારી ૮૨૦ રૂપિયા કર્યા છે. આ ભાવ વધારો પહેલી એપ્રિલથી લાગુ થશે. મહેસાણાની દૂધસાગર ડેરીની વધુ એક મોટી પહેલ કરી છે. ખેડૂતોના હિતમાં દૂધસાગર ડેરીએ મોટું એલાન કર્યું છે. એપ્રિલ મહિનાની શરૂઆત પહેલા જ દૂધસાગર ડેરીએ પશુપાલકોની ઝોળીમાં મોટી ખુશખબરી આપી છે. હજી ગત જુલાઈ મહિનામાં જ દૂધસાગર ડેરીએ પશુપાલકો માટે ફેટના ભાવ દીઠ ૧૦ રૂપિયાનો વધારો જાહેર કર્યો હતો. ત્યારે એક વર્ષ બાદ ડેરીએ ફરીથી પશુપાલકો માટે ૧૦ રૂપિયાનો વધારો જાહેર કર્યો છે. ફેટના ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો કરતા હવે પશુપાલકોને મળશે પ્રતિકિલોએ ૮૨૦ રૂપિયાનો ભાવ મળશે. દૂધના ભાવમાં ૧૦ રૂપિયાના વધારાથી દૂધ ઉત્પાદકોને વાર્ષિક ૪૨ કરોડ રૂપિયાનો ફાયદો થશે. અશોક ચૌધરીના ત્રણ વર્ષના શાસનમાં દૂધના ભાવમાં ૧૩ મી વખત વધારો પશુપાલકોને આપવામા આવ્યો છે.

### ફેન્સ સતત બોલાવી રહ્યા છે હાર્દિક પંડ્યાનો હુરિયા

# ટીકા અને ભીડના દુર્વ્યવ્હારને નજર અંદાજ કરવાની જરૂર : સ્ટીવ સ્મિથ

### આઈપીએલમાં કમેન્ટ્રી પેનલનો ભાગ બનેલા સ્ટીવ સ્મિથે હાર્દિકને આ બધાથી બચવા માટે એક સલાહ આપી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

હાર્દિક પંડ્યાને જ્યારથી મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે ત્યારથી સ્ટેડિયમથી લઈને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ...જ્યાં જુઓ ત્યાં ક્રિકેટ ફેન્સની નારાજગી જોવા મળી રહી છે. હાર્દિક પંડ્યા જ્યાં જાય છે ત્યાં ફેન્સ ભાત ભાતની કમેન્ટ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર તો તે ખુબ જ ટ્રોલ થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં હાર્દિક પંડ્યાની શું હાલત હશે. સતત ફેન્સની નારાજગી કોઈ ખેલાડી માટે શું ઈમ્પેક્ટ સર્જી શકે તે વિચારવા જેવું છે. આ સ્થિતિને આખરે કેવી રીતે ઝેલવી અને તેમાંથી બહાર કેવી રીતે નિકળવું એ જ કદાચ હાર્દિક પંડ્યા માટે અત્યારે તો મોટો



સવાલ હશે. પરંતુ ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર અને આઈપીએલમાં કમેન્ટ્રી પેનલનો ભાગ બનેલા સ્ટીવ સ્મિથે હાર્દિકને આ બધાથી બચવા માટે એક સલાહ આપી દીધી છે.

ઓસ્ટ્રેલિયાના બેટર સ્ટીવ સ્મિથનું માનવું છે કે હાર્દિક પંડ્યાએ ઈન્ડિયન પ્રીમિયર લીગની ૨૦૨૪ની સીઝનમાં મુંબઈના અત્યાર સુધીના પ્રદર્શનને કારણે થનારી ટીકા અને ભીડના દુર્વ્યવ્હારને નજરઅંદાજ કરવાની જરૂર છે. રોહિત શર્મા પાસેથી મુંબઈની કેપ્ટનશીપ છીનવાઈ અને હાર્દિકને સોંપાઈ ત્યારબાદથી હાર્દિકની ખુબ જ ટીકા થઈ રહી છે. તેની ટીકા ત્યારે વધી ગઈ જ્યારે મુંબઈ ગુજરાત અને હૈદરાબાદ વિરુદ્ધ પોતાની પહેલી બંને મેચો ગુમાવી દીધી.

સ્ટીવ સ્મિથે ઈએસપીએન ક્રિકઈન્ફોના ટાઉમ આઉટ શો પર બોલતા હાર્દિક પંડ્યાને આઈપીએલની બચેલી સીઝન માટે કેટલીક સલાહ આપી અને તેને બહાર થનારા શોર પર ધ્યાન ન આપવાનો આગ્રહ કર્યો. સ્મિથે કહ્યું કે આ પ્રકારની વાતોનો કોઈ મતલબ નથી અને બહાર કોઈ જાણતું નથી કે તમે શું કરી રહ્યા છો અને કોઈ પણ બહારની વ્યક્તિ તે ચેન્જ રૂમ (ડ્રેસિંગ રૂમ) માં નથી. તેમણે વધુમાં કહ્યું કે શું તેનો તેમના પર (હાર્દિક) કોઈ પ્રભાવ પડી રહ્યો છે, બની શકે કે તે શક્ય હોય. તેમણે કદાચ જીવનના કોઈ પણ ક્ષેત્રમાં અગાઉ આવો અનુભવ ન કર્યો હોય. આથી મને લાગે છે કે એ સ્વાભાવિક છે કે એક સ્ટાર ખેલાડી હોવા છતાં કેટલાક ફેન્સ તમારી ટીકા કરી રહ્યા છે. આ નિશ્ચિત પણે એવું છે જેને તેમણે ક્યારેય અનુભવ નહીં કર્યો હોય.

# કેડિલાની વધુ એક મહિલા કર્મીએ શારીરિક છેડતીની ફરિયાદ કરી

### તેણે કંપનીનાં એક્ઝિક્યુટિવ સામે શારિરિક છેડતી અને દુર્વ્યવહાર કરાયો હોવાની ફરિયાદ નોંધાવી દીધી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

કેડિલા ફાર્માસ્યુટિકલ્સની ૪૦ વર્ષીય મહિલા કર્મચારીએ મહિલા ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે કંપનીના એક એક્ઝિક્યુટિવ દ્વારા તેની સાથે શારીરિક છેડતી કરવામાં આવી છે. કંપનીના સીએમડી રાજીવ મોદી સામે બલ્ગેરિયન મહિલા દ્વારા દાખલ કરાયેલા કથિત દુષ્કર્મનાં કેસમાં અગાઉ એક્ઝિક્યુટિવનું નામ અપરાધી તરીકે રાખવામાં આવ્યું હતું.

શહેર પોલીસના એસેનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, "કંપનીમાં પાંચથી છ વર્ષ સુધી કામ કરતી ૪૦ વર્ષની એક મહિલાએ મહિલા ક્રાઈમ પોલીસનો સંપર્ક સાધતા આરોપ લગાવ્યો કે તેને હેરાન કરવામાં આવી હતી અને તેના પર અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવી હતી." આ અધિકારીએ ઉમેર્યું હતું કે ૨૭ વર્ષીય બલ્ગેરિયન મહિલા કે જે મોદી સાથે ભૂતપૂર્વ ફલાઈટ એટેન્ડન્ટ હતી, તેણે લોકલ કોર્ટમાં મોદીને પોલીસની ક્લીનચીટને પડકાર્યા પછી તેણે આ પગલું ભર્યું હતું. આ મુદ્દે અધિકારીઓએ કહ્યું છે કે "૪૦ વર્ષીય મહિલાની અરજીમાં જણાવવામાં આવ્યું છે કે કંપનીના એક્ઝિક્યુટિવે અન્ય કર્મચારીઓની હાજરીમાં તેની પાછળનાં ભાગ પર હાથ માર્યો હતો." પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે જોકે આની એફઆઈઆર દાખલ કરવાની બાકી છે.

બીજી તરફ, બલ્ગેરિયન મહિલા દ્વારા લગાવવામાં આવેલા આરોપો પર એફઆઈઆર દાખલ કરવામાં વિલંબની તપાસ કરી રહેલી શહેર પોલીસની એક ટીમને ઘટનાક્રમમાં ભૂતપૂર્વ IPS અધિકારી દ્વારા ભજવવામાં આવેલી શંકાસ્પદ ભૂમિકા હોવાનું જાણવા મળ્યું છે. આ બધા વચ્ચે એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, "અમને જાણવા મળ્યું છે કે IPS અધિકારીએ મોદીને તેમના ફોન અને લેપટોપમાંથી તમામ ડેટા ફોર્મેટ કરવા અને મહિલા સાથેની ચેટને કાઢી નાખવાની સૂચના આપી હતી."

ગુજરાત હાઈકોર્ટના આદેશને પગલે, સોલા પોલીસે ૩૧ ડિસેમ્બરે CMD વિરુદ્ધ IPC કલમ ૩૭૬ (દુષ્કર્મ), ૩૫૪ (છેડતી) અને ૫૦૪ (શાંતિ ભંગને ઉશ્કેરવાના ઈરાદાથી ઈરાદાપૂર્વક અપમાન) હેઠળ FIR દાખલ કરી હતી.

૨૨ ડિસેમ્બરે હાઈકોર્ટે મોદી પર લગાવવામાં આવેલા મહિલા સાથેના દુષ્કર્મના આરોપની તપાસનો આદેશ આપ્યો હતો. અદાલતે નિર્દેશ આપ્યો કે તપાસની દેખરેખ એક વરિષ્ઠ IPS અધિકારી દ્વારા કરવામાં આવે જે ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ (કાયદો અને વ્યવસ્થા) દ્વારા નિયુક્ત કરવામાં આવે. સોલા પોલીસે ફેબ્રુઆરીમાં મોદીને ક્લીનચીટ આપી હતી. બલ્ગેરિયન મહિલાએ મંગળવારે પોલીસ દ્વારા તેને ક્લીન ચિટ આપવા સામે વાંધો ઉઠાવ્યો હતો.

### કેમેરા મેન ગૂંચવાઈ ગયો!

# કોલકાતાના વેનકટેશ્વર ઐયરે લગાવ્યો સીઝનનો સૌથી લાંબો છગ્ગો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

વેંકટેશ ઐયરે કોલકાતા નાઈટ રાઈડર્સને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે શાનદાર જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ મેચમાં વેંકટેશે ૩૦ બોલમાં ૫૦ રનની ઈનિંગ રમી જેમાં ૩ ચોગ્ગા અને ૪ ગગનચુંબી છગ્ગા સામેલ હતા. આ ડાબોડી બેટ્સમેનના નામે IPL 2024ની સૌથી લાંબી છગ્ગા નોંધાયેલી છે. વેંકટેશે એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સિક્સર ફટકારી હતી જે સિઝનની સૌથી લાંબી સિક્સ તરીકે રેકોર્ડ કરવામાં આવી હતી. આ મેચમાં ઘણાં ચોગ્ગા અને છગ્ગા વાગ્યા હતા. KKRએ આ સ્થળ પર RCB સામે સતત છઠ્ઠી જીત નોંધાવી હતી. KKRએ RCBને ૭ વિકેટે હરાવ્યું છે. મયંક ડાગર કોલકાતા નાઈટ રાઈડર્સની ઈનિંગની ૯મી ઓવર લાવવામાં આવ્યો હતો. વેંકટેશ અય્યરે આ ઓવરનો ચોથો બોલ ડાગરને મિડવિકેટ પર સ્ટેડિયમની બહાર પહોંચાડ્યો હતો. ૧૦૬ મીટર લાંબી સિક્સ જોઈને સ્ટેડિયમમાં બેઠેલા દરેક લોકો દંગ રહી ગયા હતા. બોલર પણ માત્ર બોલને જોતો જ રહ્યો. આ સિઝનની શરૂઆતમાં ઈશાન કિશનના નામે સૌથી લાંબી સિક્સર ફટકારવાનો રેકોર્ડ હતો. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતા ઈશાને



સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૧૦૩ મીટર લાંબી સિક્સ ફટકારી હતી. KKR વર્તમાન સિઝનમાં યજમાન ટીમને હરાવનારી પ્રથમ ટીમ બની છે. સુનીલ નારાયણ અને ફિલ સોલ્ટે ટાર્ગેટનો પીછો કરીને KKRને તોફાની શરૂઆત અપાવી હતી. સોલ્ટે મોહમ્મદ સિરાજની પ્રથમ ઓવરમાં બે સિક્સ અને એક ફોર સાથે શરૂઆત કરી હતી જ્યારે નારાયણે ત્રીજી ઓવરમાં અલ્ઝારી જોસેફ પર બે સિક્સર ફટકારી હતી. નારાયણે છઠ્ઠી ઓવરમાં યશ દયાલને ટાર્ગેટ બનાવ્યો અને તેની ઓવરમાં બે છગ્ગા અને એક ચોગ્ગા સાથે ૨૧ રન બનાવ્યા હતા. KKRએ પાવર પ્લેમાં એકપણ વિકેટ ગુમાવ્યા વિના ૮૫ રન બનાવ્યા, જે વર્તમાન સિઝનમાં પ્રથમ છ ઓવરમાં કોઈપણ ટીમનો સૌથી વધુ સ્કોર છે. મયંક ડાગરે સાતમી ઓવરમાં નારાયણને બોલ્ડ કરીને આરસીબીને પ્રથમ સફળતા અપાવી હતી. આગલી ઓવરમાં, વિજય કુમાર વિશાખે ડીપ સ્ક્વેર લેગ પર ગ્રીનના હાથે સોલ્ટને કેચ આઉટ કરાવ્યો અને નાઈટ રાઈડર્સનો સ્કોર બે વિકેટે ૯૨ રન સુધી લઈ ગયો.

# કાજલ હિન્દુસ્તાનીની ટીપ્પણીનાં વિરોધમાં મોરબીમાં રેલીનું આયોજન કરાયું

। (એજન્સી) મોરબી, તા.૩૦ ।

મોરબી પાટીદાર સમાજની દીકરીઓ તેમજ મોરબીના પાટીદાર સમાજના ઉદ્યોગ પતિઓની ઉપર ટિપ્પણી કરતી કાજલ હિન્દુસ્તાનીની એક ક્લિપ વાયરલ થઈ હતી. જેને લઈને મોરબી પાટીદાર સમાજમાં વિરોધ ઉઠ્યો છે અને જેમાં તે ટિપ્પણી કરનાર કાજલ હિન્દુસ્તાનીની સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી અને તે મુદ્દે પોલીસ વિભાગમાં પણ અગાઉ અરજી આપીને ફરિયાદ દાખલ કરવાની માંગ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે આજે મોરબીના શનાળા રોડ ઉપરથી સ્કૂટર અને બાઈક રેલી મોરબી પાટીદાર સમાજ દ્વારા યોજવામાં આવી હતી. કોઈ એક કાર્યક્રમની અંદર કાજલ હિન્દુસ્તાની દ્વારા મોરબી પાટીદાર સમાજના ઉદ્યોગપતિઓ તથા મોરબી પાટીદાર સમાજની દીકરીઓને માટે આપત્તિજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેથી કરીને પાટીદાર સમાજમાં રોષ જોવા મળી રહ્યો હતો અને આજે તેના ભાગ સ્વરૂપે આજે મોરબીના શનાળા રોડ ઉપર આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ખાતેથી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાટીદાર સમાજના શ્રેષ્ઠિઓ, પાટીદાર સમાજના વિવિધ સંગઠનો અને શાખાના હોદ્દેદારો તેમજ મોરબી સિરામિક એસોસિયેશનના વિવિધ એસોસિએશનના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. બાઈક અને કાર રેલીની અંદર ખૂબ મોટી સંખ્યામાં પાટીદાર સમાજના લોકો જોડાયા હતા અને કાજલ હિન્દુસ્તાની વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી. મોરબીના શનાળા રોડ ખાતેથી મુખ્ય માર્ગો ઉપરથી આ રેલી સામાકાંઠે જિલ્લા સેવા સદન ખાતે આવેલ કલેકટર કચેરીએ પહોંચી હતી અને ત્યાં કલેકટરને આવેદન આપવામાં આવ્યું હતું. પાટીદાર સમાજ, પાટીદાર સમાજના ઉદ્યોગપતિઓ તેમજ પાટીદાર સમાજની દીકરીઓ વિશે એલફેલ બોલનાર કાજલ હિન્દુસ્તાનીની વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. થોડા સમય પહેલા સુરતમાં યોજાયેલા એક કાર્યક્રમમાં કાજલ હિન્દુસ્તાની દ્વારા મોરબી પાટીદાર સમાજ વિશે જે અભદ્ર ટિપ્પણી કરવામાં આવી હતી.

## વિશેષ

### કરણી સેનાના પ્રમુખ રાજ શેખાવતે ભાજપમાંથી રાજીનામું આપ્યું

# પરસોત્તમ રૂપાલાનાં નિવેદન મુદ્દે હવે ક્ષત્રિય સમાજના લોકોમાં અંદરોઅંદર ભડકો

। રાજકોટ ।

રાજકોટના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા સામે રાજપૂત સમાજે બાંયો ચઢાવી છે. પરંતુ ઉમેદવાર બદલવાની લડાઈ હવે નવો વળાંક લઈ રહી છે. રૂપ ાલાની નિવેદનબાજીથી શરૂ થયેલા વિવાદમાં હવે ક્ષત્રિયોની લડાઈ શરૂ થઈ છે. રૂપાલાના નિવેદનના વિવાદ પર ક્ષત્રિય સમાજમાં બે ફાંટા પડ્યા છે. રૂપાલાએ ફરી માફી માંગ્યા બાદ પણ વિવાદ યથાવત છે. હિંદુ કરણી સેના રૂપાલાની ટિકિટ રદ કરાવવા અડગ છે. કરણ સેનાએ ગઈકાલે મળેલા ક્ષત્રિય સમાજના સંમેલનને ભાજપ પ્રેરિત ગણાવ્યું છે. સાથે જ જયરાજસિંહે કરાવેલા સમાધાનને અયોગ્ય ગણાવાયું છે. તો બીજી તરફ, કરણી સેનાના પ્રમુખ રાજ શેખાવતે ભાજપમાંથી રાજીનામું આપ્યું છે. કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદન અને માફી મામલે હવે ક્ષત્રિય સમાજમાં બે ફાંટા પડી ગયા છે. ગઈકાલે જે ક્ષત્રિય સમાજનું સંમેલન મળ્યું તેને હિંદુ કરણી સેનાએ ભાજપ પ્રેરિત ગણાવ્યું. સાથે જ ફરી ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે, રૂપાલાની ટિકિટ રદ થાય તો જ આ મામલે સમાધાન થશે. સાથે જ હિંદુ કરણી સેનાના પ્રમુખ ભૂપ તસિંહ જાડેજાએ એવો પણ સવાલ કર્યો છે કે, પરશોત્તમ રૂપાલા ફરી આવું નિવેદન નહીં આપે તેની ખાતરી શું છે? સાથે જ તેમણે કહ્યું કે, જયરાજસિંહ એટલે આખો સમાજ નથી, જેથી આ સમાધાન યોગ્ય નથી. આમ, રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલ ટિપ્પણી પછી વિવાદ ફેલાયો છે. પરંતુ આ આગની જ્વાળા હવે ક્ષત્રિય સમાજના લોકોને અંદરોઅંદર ભડકો કરાવી રહી છે. ક્ષત્રિયો વિશેના વિવાદિત નિવેદન બાદ પરશોત્તમ રૂપાલાએ જાહેરમાં બે-બે વખત માફી માગી જતાં વિરોધનો વંટોળ ઓછો નથી થઈ રહ્યો. જયરાજસિંહની આગેવાનીમાં મળેલી બેઠક બાદ પણ કરણી સેના લડી લેવાના મૂડમાં છે. કરણી સેનાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ હિંમતસિંહ જાડેજાએ કહ્યુ છે કે ક્ષત્રિય સમાજ ગોંડલને ભૂલી જાય, જયરાજસિંહ જાડેજાને ભૂલી જાવ... એ ભાજપી છે અને પક્ષ પ્રેમી છે. તેઓ સમાજ કરતા તો પક્ષને માતા-પિતા અને ભાઈ-



બહેન માને છે. જયરાજસિંહ કંઈ એકલા જ ક્ષત્રિય નથી કે એ જાહેર કરે એ માની લેવાનું. જ્યાં સુધી પરશોત્તમ રૂપાલાની ટિકિટ રદ ન કરાઈ ત્યાં સુધી લડત ચાલુ છે અને ચાલુ જ રહેશે. ગોંડલથી ભાજપના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ સોશિયલ મીડિયામાં તેમનો વિરોધ કરતા લોકોને ખુલ્લી ચેલેન્જ આપી છે. રાજકોટ ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા નિવેદન બાદ ગોંડલમાં મળેલી બેઠકમાં જયરાજસિંહ જાડેજાએ કહ્યું કે, સોશિયલ મીડિયાના માધ્યમથી હું કોઈ મિત્રોને જવાબ દેવા માગતો નથી પણ મારા સ્વભાવ મુજબ હું લાંબી છાર વાળો ઝભ્ભો પહેરતો નથી. એટલે મારી મિત્રોને ચેલેન્જ છે કે, મીડિયામાં યુદ્ધ છોડી દો. જયરાજસિંહ રાજીનામું આપી દો, તમે ભાજપ છોડી દો આવું બધું કહેવાવાળા રહેવા દો. આ ફંક્શન જેને સારું લાગ્યું નથી તે તમે કોઈ પણ એક જગ્યાએ ભેગા થાવ. તમારો કોઈ પણ જવાબદાર માણસ મને મળે, મને આમંત્રણ આપે. સમય તમારો, સ્થળ તમારું, તારીખ તમારી, ગાડી મારી, તમે કહો ત્યાં હું આવીશ. તમારી રૂબરૂમાં ચર્ચા કરીશ, મારા સ્વભાવથી ચર્ચા કરીશ. તમે જો મરદના દીકરા હોવ તો મને આમંત્રણ આપો નહીંતર હું તમને આમંત્રણ આપું છું. હું તમને આમંત્રણ આપું છું પણ તમે મને બોલવશો તો મજા આવશે. મને વહેલી તકે બોલાવો. જેને આવી ચટપટી હોય તે મને બોલાવે. આ ખુલ્લી ચેલેન્જ આપી છે જયરાજસિંહ જાડેજાએ ગોંડલના મંચ પરથી તેમનો વિરોધ કરતા લોકોને.

ગોંડલથી ભાજપના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાની ખુલ્લી ચેલેન્જને કરણી સેનાની મહિલા પાંખે સ્વીકારીને વળતી ચેલેન્જ આપી છે કે જયરાજસિંહ તમે કહો ત્યાં મળવા તૈયાર છીએ. પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ પર આપેલા વિવાદિત નિવેદન બાદ ગોંડલમાં મળેલી સમાધાન માટેની ક્ષત્રિયોની બેઠકમાં જયરાજસિંહે વિરોધ કનારાઓને ખુલ્લી ચેલેન્જ આપી હતી તે ચેલેન્જ કરણી સેના મહિલા પાંખના પ્રમુખ પદ્મિનીબા વાળાએ સ્વીકારી લીધી છે. તેમણે કહ્યું છે કે હું આપને મળવા માગું છું આપ કહો ત્યાં આવવા તૈયાર છું. ગોંડલમાં જે ફંક્શન બોલાવ્યું તેમાં કેમ એન્ટ્રી ન આપી તેનો જવાબ પણ તૈયાર રાખજો. જયરાજસિંહે મરદના દીકરાઓને આપી હતી ખુલ્લી ચેલેન્જ. તે ચેલેન્જ સ્વીકારી લેવામાં આવી છે. પદ્મિનીબા વાળાએ કહ્યું- મરદના દીકરા તમે કહો ત્યાં હું મળવા તૈયાર છું.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ ગઈકાલે ફરી ક્ષત્રિય સમાજની માફી માંગી હતી. ગોંડલમાં જયરાજસિંહ જાડેજાએ સમાધાન માટેની બેઠક બોલાવી હતી. તો બીજી તરફ, રૂપાલાએ ગધેથડ આશ્રમમાં જઈને લાલ બાપુની પણ માફી માંગી હતી. પરંતુ રૂપાલાની માફી માગવા છતાં વિરોધ યથાવત છે. કરણી સેના હજુ પણ લડી લેવાના મૂડમાં છે. કરણી સેનાનુ કહેવુ છે કે, અમને કોઈ સમાધાન મંજૂર નથી. લડત ચાલુ છે અને ચાલુ જ રહેશે. રૂપાલાની ટિકિટ રદ થાય એ જ સમાધાન.

# અમદાવાદ શહેર જિલ્લાના વિધાનસભા વિસ્તારોના ૫૪૩૨ મતદાન મથકોના ૨૬,૬૨૬ કર્મીઓને તાલીમ આપી ચૂંટણી કામગીરી માટે સજ્જ કરાશે

## અમદાવાદ જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા વિસ્તારોમાં ૬૫૫૦ પ્રિસાઈડિંગ ઓફિસર, ૬૫૪૮ પોલિંગ ઓફિસર-૧, ૩૫૨૮ પોલિંગ ઓફિસર અને ૧૦,૦૦૦ ફિમેલ પોલિંગ ઓફિસરને અપાઈ રહી છે





### જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૦૧ એપ્રિલ સુધી પ્રશિક્ષણ વર્ગોનું આયોજન

। અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ જિલ્લામાં આગામી દિવસોમાં યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણી માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે.ના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તારીખ ૨૮, ૩૦ અને ૧ એપ્રિલના દિવસોમાં ચૂંટણી કામગીરી કરનારા કર્મચારીઓ/અધિકારીઓના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તાલીમ વર્ગો વિશે માહિતી આપતા ડેપ્યુટી કલેક્ટર સુશ્રી રિદ્ધિ શુક્લએ જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા વિસ્તારોમાં યોજાનારા તાલીમ વર્ગોમાં કુલ ૫૪૩૨ મતદાન મથકોના ૨૬,૬૨૬ કર્મીઓને ચૂંટણી કામગીરી માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

આ પ્રશિક્ષણ વર્ગોમાં ૬૫૫૦ પ્રિસાઈડિંગ ઓફિસર, ૬૫૪૮ પોલિંગ ઓફિસર-૧, ૩૫૨૮ પોલિંગ ઓફિસર અને ૧૦,૦૦૦ ફિમેલ પોલિંગ ઓફિસરને મતદાનના દિવસે કરવાની થતી કામગીરીથી લઈને મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા સુધીની તમામ કામગીરી અંગે વિગતવાર જાણકારી આપીને માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ તાલીમ વર્ગોમાં માસ્ટર ટ્રેનર્સની ટીમ દ્વારા પ્રિ-પોલ, પોલ-ડે અને આફ્ટર પોલ, ઈફસ, ફફૈંછ, પોસ્ટલ બેલેટ સહિતની તબક્કાવાર તમામ પ્રકારની કામગીરી અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવે છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં વિવિધ સ્થળો પર તાલીમની કામગીરી ચાલી રહી છે.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ વિરમગામ (૩૯), સાણંદ (૪૦), ઘાટલોડિયા (૪૧), વેજલપુર (૪૨), વટવા (૪૩), એલીસબ્રીજ (૪૪), નારણ પુરા (૪૫), નિકોલ (૪૬), નરોડા (૪૭), ઠક્કરબાપાનગર (૪૮), બાપુનગર (૪૯), અમરાઈવાડી (૫૦), દરિયાપુર (૫૧), જમાલપુર-ખાડિયા (૫૨), મણીનગર (૫૩), દાણીલીમડા (૫૪), સાબરમતી (૫૫), અસારવા (૫૬), દસ્ક્રોઈ (૫૭), ધોળકા (૫૮), ધંધુકા (૫૯) વિધાનસભા મતવિસ્તારના પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર અને ફિમેલ પોલિંગ ઓફિસર માટે તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

આઇકોનિક 'અટલ બ્રિજ' ખાતે યુવાનોએ લીધા અચૂક મતદાનના શપથ

# અમદાવાદના ફર્સ્ટ ટાઇમ વોટર્સ દ્વારા દેશની સાંસ્કૃતિક ઝાંખી સાથે સિગ્નેચર કેમ્પેઇન યોજાયું

## ગુજરાત યુનિવર્સિટીની બી.કે.સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ ના યુવાનો દ્વારા 'મતદાન જાગૃતિ' અંગે રેલી યોજાઈ



### યુવાનોએ દેશના વિવિધ પ્રાંતની વેશભૂષા પહેરી હાથમાં બેનર્સ અને પોસ્ટર્સ સાથે 'મતદાન જાગૃતિ'નો સંદેશો આપ્યો



। અમદાવાદ, તા.૩૦ ।

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુનિવર્સિટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

આ અભિયાન અંતર્ગત અમદાવાદના આઈકોનિક એવા 'અટલ બ્રિજ' ખાતે ફર્સ્ટ ટાઈમ વોટ કરનારા યુવાનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. યુવાનો દ્વારા દેશના વિવિધ પ્રાંતના પેહરવેશ પહેરી દેશહિતમાં મતદાન પર્વમાં સહભાગી થવા સંદેશો આપ્યો હતો. વધુમાં આ યુવાનો દ્વારા સિગ્નેચર કેમ્પેઈન પણ કરવામાં આવ્યું હતું.

દેશની સાંસ્કૃતિક વિવિધતાની ઝાંખી રજૂ કરવાની સાથે સાથે યુવાનોએ 'મતદાન જાગૃતિ' અન્વયે રેલી યોજી હતી. આ રેલીમાં યુવાનોએ મતદાન જાગૃતિ અંગેના વિવિધ બેનરો અને પોસ્ટર્સ જેવા કે, 'દસ મિનિટ દેશ માટે', 'વોટ ફોર સ્યોર', 'ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ', જેવાં વિવિધ સૂત્રો દ્વારા લોકોને માહિતગાર કર્યા હતા.

ગુજરાત યુનિવર્સિટીના બી.કે.સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટના પ્રથમ વર્ષના યુવાનો દ્વારા આ રેલી યોજવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ પ્રકારના કાર્યક્રમો થકી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આગામી દિવસોમાં વધુમાં વધુ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોમાં 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમોનું આયોજન કરી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવશે, એવું સ્વીપ એક્ટિવિટીના નોડલ અધિકારી શ્રી યોગેશ પારેખ દ્વારા જણાવવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ લોકો મતદાન કરે તે દિશામાં અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે.

ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે

# જયરાજસિંહ સામે પડકાર ફેંકતો પદ્મિની બાનો વીડિયો વાયરલ

## કરણીસેનાના મહિલા મોરચના અધ્યક્ષા પદ્મિમીની બાએ હવે આ સમગ્ર વિવાદના મામલે ઝંપલાવ્યું છે

। (એજન્સી) રાજકોટ, તા.૩૦ ।

રાજકોટ બેઠકના લોકસભાના ઉમેદવાર પરષોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની મહિલા માટે કરેલા વિવાદિત નિવેદનથી સમગ્ર સમાજમાં રોષ છે. વિવાદ અને વિરોધનો વંટોળ થંભવાનું નામ નથી લેતો. આ તમામ વિવાદ વચ્ચે ભાજપે ડેમેજ કંટ્રોલ કરવા માટે પૂર્વ ધારાસભ્ય જયરાજ સિંહને મેદાને ઉતાર્યા છે. તેઓ ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક કરીને મામલે સમાધાન લાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. આ મુદ્દે જ ગોંડલના શેમળામાં બેઠક યોજાઈ હતી. ક્ષત્રિય સમાજના આગેવાનો અને ભાજપ ના પૂર્વ ધારાસભ્ય અને લોકસભાના ઉમેદવાર પરષોતમ રૂપાલા આ બેઠકમાં ઉપસ્થિત હતા અને જયરાજ સિંહે આ મામલાને થાળે પાડવાની કોશિશ કરી હતી. જો કે જયરાજસિંહની આ કોશિશ સામે ક્ષત્રિય સમાજના મહિલા પદ્મીની બાદએ સવાલ ઉઠાવ્યા છે અને રાજકિય રોટલા ન શેકીને સમાજની બહેનોના ન્યાય સામે લડત આપવાનું અનુરોધ કર્યો હતો. કરણીસેનાના મહિલા મોરચના અધ્યક્ષા પદ્મિમીની બાએ હવે આ સમગ્ર વિવાદના મામલે ઝંપલાવ્યું છે. તેમણે ન માત્ર પરષોતમ રૂપાલા પણ જયરાજસિંહના ડેમેજ કંટ્રોલના પ્રયાસને પણ વખોડ્યા હતા. આ સમગ્ર મામલે પદ્મિની બાનો એક વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં તેઓ ક્ષત્રિય સમાજની મહિલાનું અપમાન કરનાર પરષોતમ રૂપ ાલાને ટિકિટ ન આપવા અને તેમની સામે કાયદાકિય એકશન લેવા માંગ કરી રહ્યાં છે તેમજ જયરાજસિંહને પણ એકલા હાથે ન નિર્ણય ન લેતા સમાજની મહિલાના ન્યાય માટે લડવાનો અનુરોધ કર્યો છે. તેમણે એક વીડિયો દ્વારા જયરાજ સિંહ સામે પડકાર ફેંક્યો છે કે, "જયરાજસિંહ તમે એકલા નિર્ણય ન લઈ શકો,શું રાજકીય લેવલે ગુનો કરવાનો હક છે? જયરાજભાઈ સમાજની બેનો આક્રોશિત છે, રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે, ક્ષત્રિય સમાજની બેનોને ન્યાય મળવો જોઈએ, કોઈને પણ બેનોનું અપમાન કરવાનો હક નહી.

માવા-મલાઈ અને ચોકલેટ ફ્લેવર ટ્રેન્ડીંગમાં

# આગ વરસાવતા ઉનાળામાં લોકોએ માણી બરફ ગોળાની મોજ માણી

## સાંજ ઢળતા ગરમીમાં થોડી રાહત થાય છે આથી રાત્રીના ભોજન બાદ લોકો પરિવાર સાથે બહાર ફરવા માટે નિકળે છે

। (એજન્સી) પોરબંદર, તા.૩૦ ।

ઉનાળો આવતા જ લોકો ગરમીથી અકળાઈ ઉઠે છે. દિવસભર આકરો તાપ અને ગરમીથી લોકો ત્રસ્ત બની જાય છે. દિવસ દરમિયાન લીંબુ સરબત, શરેડીનો રસ સહિતના ઠંડા પીણાનો સહારો લે છે. તો રાત્રીના સમયે આઈસ્ક્રીમ અને બરફના ગોળાનો સ્વાદ માણે છે. પોરબંદરમાં ૫ રૂપિયાથી લઈ ૧૫૦ રૂપિયા સુધીના ગોળા ઉપલબ્ધ છે.

પોરબંદરમાં છેલ્લા ૧૮ વર્ષથી ગોળાનો વ્યવસાય કરતા સંજયભાઈ તન્નાએ જણાવ્યું હતું કે, ઉનાળાની સીઝનમાં લોકો રાત્રીના સમયે બરફના ગોળા ખાવાનું પસંદ કરે છે. ગોળામાં વિવિધ વેરાઈટી ઉપલબ્ધ છે, જેમાં અલગ-અલગ ફલેવરની ચાસણી તેમજ ચોકલેટ, મલાઈ, કાજુ-બદામ, ચેરી, કીસમીસી નાંખીને બનાવવામાં આવે છે. ખાસ કરીને લોકો ચોકલેટવાળા ગોળા લોકો વધારે પસંદ કરે છે. તેમાં કપલ ડીશ, કેડબરી ચીપ્સ ખટ્ટા-મીઠા, રજવાડી,ચોકલેટ ચોકબાર, સાજન-સજની અને ચોકલેટ ચિપ્સ, કાચી કેરી, ચીકુ ચોકલેટ, ચોકલેટ અંજીર સહિતના ગોળાનો લોકો સ્વાદ માણે છે.

પોરબંદર શહેર નાનું હોવાથી બરફના ગોળાનો ભાવ પણ ઓછો જોવા મળે છે. પોરબંદરમા રાત્રીના સમયે લોકો બરફના ગોળો ખાવાની મોજ માણતા નજરે પડે છે. શહેરી વિસ્તારોમાં સામાન્ય રીતે રાત્રીના સમયે બરફના ગોળાનો લોકો સ્વાદ માણતા હોય છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં દિવસ દરમિયાન ખાસ કરીને બપોરના સમયે બરફ ગોળાની લારી નીકળતી હોય છે અને લોકો દિવસ દરમિયાન બરફના ગોળાનો સ્વાદ માણે છે.

આ ગોળાની કિંમત ૫થી ૨૫ રૂપિયા સુધીની હોય છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકો દિવસ દરમિયાન બહાર જવાનું ટાળે છે. સાંજ ઢળતા ગરમીમાં થોડી રાહત થાય છે. આથી રાત્રીના ભોજન બાદ લોકો પરિવાર સાથે બહાર ફરવા માટે નિકળે છે અને બરફના ગોળાનો સ્વાદ માણે છે.

# ઝાલોદ હેતા ટ્યુશન ચાલકના સંચાલકને સગીરા પર દુષ્કર્મના આરોપમા અંતિમ શ્વાસ સુધી જેલની સજા

## સગીરાઓ પર અત્યાચાર તેમજ બળાત્કારના ગુન્હા વધતા સમાજમાં દાખલો બેસે તે માટે સેશન કોર્ટે દ્વારા ચુકાદો જાહેર કરાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ નગરમાં આસરે બે વર્ષ પહેલા એટલે કે વર્ષ ૨૦૨૨ માં ટ્યુશન ક્લાસમાં ભણવા આવતી એક સગીર વિદ્યાર્થીની પર દુષ્કર્મનો મામલો સામે આવેલ હતો. આ બહુ ચર્ચિત મામલાને લઈ તે સમયે વિદ્યાર્થીનીયોના વાલિયો ચિંતાગ્રસ્ત અવસ્થામાં મુકાઈ ગયેલ હતા તેમજ છોકરીઓને ટ્યુશન મોકલવી કે નહીં તેવી ચિંતા સતાવતી હતી. શિક્ષક જાતે ભક્ષક બને તો કોના પર વિશ્વાસ મૂકવો તેવી અવસ્થા સર્જાઈ હતી.

ઝાલોદ તાલુકાની એક સગીરા આસરે ૨૦૨૨ મા હેતા ટ્યુશન ક્લાસના સંચાલક નૈનેશ ભુરજી ડામોરને ત્યાં અભ્યાસ આવતી હતી. તે સમયે ટ્યુશન સંચાલક નૈનેશ ડામોરની નજર એક વિધાર્થીની પર બગડતા સંચાલક દ્વારા સગીર વિદ્યાર્થીનીનો બાથરૂમમાં ગયેલ, તે વખતનો વિડિયો તે ટ્યુશન ક્લાસના સંચાલકે ઉતારી તે વિડીયો બતાવી તે વિદ્યાર્થીનીને બ્લેકમેલ કરી અવારનવાર બળાત્કાર ગુજારી તે વિદ્યાર્થીનીને ગર્ભવતી બનાવી દેતા, તે સંચાલકનો ભાંડો ફૂટતા સમગ્ર મામલો ઝાલોદ પોલીસ સ્ટેશનમાં થઈ કોર્ટમાં જતા સદર દુષ્કર્મના કેસમાં સમાજમાં દાખલો બેસાડવા સેશન કોર્ટે તે ટ્યુશન ક્લાસના હેવાન સંચાલકને અંતિમ શ્વાસ સુધી આજીવન કેદની સજા અને રૂપિયા એક લાખનો દંડ ફટકારતો હુકમ ચાલુ કોર્ટમાં ફટકારતા કોર્ટ સંકુલમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. સદર ઘટના અંગેની મળેલ માહિતી મુજબ ઝાલોદ તાલુકામાં રહેતી એક સગીરા ઝાલોદ નગરમાં આવેલા હેતા ટ્યુશન ક્લાસીસમા ટ્યુશને આવતી હતી. જ્યાં એક દિવસ સગીરા ટ્યુશન ક્લાસીસના બાથરૂમમાં ગઈ હતી. જ્યાં તે ક્લાસીસના સંચાલક નૈનેશ ભુરજીભાઈ ડામોરે પોતાના મોબાઈલ ફોનમાં સગીરાનો બાથરૂમ માંથી વિડીયો ઉતારી લીધો હતો. અને ત્યારબાદ સગીરાને તે વિડિયો બતાવી બ્લેકમેલ કરવા લાગ્યો હતો. તેમજ ધાક ધમકી આપી સગીરાની મરજી વિરુદ્ધ ટ્યુશન ક્લાસમાં જ અવારનવાર બળાત્કાર ગુજારતો રહ્યો હતો. અને પોતાના બાથરૂમમાં ઉતારેલા વીડિયોને કારણે ડરની મારી સગીરા પણ ટ્યુશન ક્લાસના સંચાલક દ્વારા ગુજારાતા પાશવી બળાત્કારને મૂંગે મોઢે અનિચ્છાએ પણ સહેતી રહી હતી. આખરે સગીરાને ચાર માસનો ગર્ભ રહી જતા સગીરાએ આ બાબતે તેના પરિવારના લોકોને જાણ કરતા તેણીના પરિવારજનોના પગ નીચેથી ધરતી ખસી ગઈ હતી.

ટ્યુશન ક્લાસીસના સંચાલકનું સમગ કારસ્તાન બહાર લાવવા સગીરાને લઈ તેના પરિવારજનો ઝાલોદ પોલીસ સ્ટેશનમાં આવી હેત ટ્યુશન ક્લાસીસના સંચાલક નૈનેશ ભુરજીભાઈ ડામોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ઝાલોદ પોલીસે આ મામલે દુષ્કર્મનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી સદર કેસની ઝાલોદ પોલીસે ચાર્જશીટ બનાવી તે ચાર્જશીટ ઝાલોદની કોર્ટમાં દાખલ કરતા સદર બળાત્કારનો કેસ ઝાલોદની કોર્ટમાં ચાલી જતા ફરિયાદ પક્ષના વકીલે રજૂ કરેલા પુરાવાઓ તેમજ તેઓએ કરેલી ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી સદર બળાત્કારના ગુનામાં ઝાલોદના હેત ટ્યુશન ક્લાસીસના સંચાલક નૈનેશ ભુરજીભાઈ ડામોર ને કસૂરવાર ઠેરવી વર્તમાન સમયમાં સગીરાઓ ઉપર વધી રહેલા અત્યાચાર તેમજ બળાત્કારના કિસ્સાઓને ધ્યાને લઈએ સમાજમાં દાખલો બેસે તે માટે સેશન્સ કોર્ટના વિદ્વાન ન્યાયાધીશ સી કે ચૌહાણે આરોપી નૈનેશ ભુરજીભાઈ ડામોરને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા તથા રૂપિયા ૧ લાખનો રોકડ દંડનો હુકમ ખુલ્લી અદાલતમાં ફરમાવતા કોર્ટ સંકુલમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

# ખેતરમાં એક એક ફૂટના મરચાં ઉગાડીને ચોંકાવી દીધા

। (એજન્સી) બનાસકાંઠા, તા.૩૦ ।

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ખેડૂતો અવનવી ખેતી કરી ખેતીમાં કાઠું કાઢી રહ્યા છે. ત્યારે ડીસાના રાણપુર ગામના ગુણવંતભાઈ પઢિયાર છેલ્લા સાત વર્ષથી આંતર પાકમાં મરચા અને શક્કરટેટીની ખેતી કરી વર્ષે લાખ રૂપિયાની આવક મેળવી રહ્યા છે. હાલ ખેડૂત ગુણવંતભાઈ પઢિયાર અન્ય ખેડૂતો માટે પ્રેરણા રૂપ સાબિત થઈ રહ્યા છે. બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના રાણપુર ગામ ખાતે રહેતા ૩૯ વર્ષીય ગુણવંતભાઈ કપૂરજી પઢિયાર પોતાની ૮ વીઘા જમીનમાં ખેતીની સાથે-સાથે આંતરપાક ખેતી કરીને સારી આવક મેળવી રહ્યા છે. અગાઉ તેઓ સીઝન આધારિત ખેતી કરતા હતા. સીઝન આધારીત ખેતીમાં સારી ઉપજ ન મળતા તેમને આંતર પાકની ખેતી કરવાની શરૂઆત કરી હતી. આંતર પાક તરીકે તેઓ મરચાં અને શક્કર ટેટીની ખેતી કરી સારી આવક મેળવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, તેઓએ માત્ર ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલું છે. ખેડૂત ગુણવંતભાઈ પઢીયારે ગત વર્ષની જેમ આ વર્ષે પણ ૫ વીઘા જમીનમાં ૬૦ હજારના ખર્ચે આંતર પાકમાં મરચાં અને શક્કરટેટીનું વાવેતર કર્યું છે. ઉલ્લેખનીય છે કે, હાલ મરચાનું ઉત્પાદન પણ શરૂ થઈ ગયું છે.

## કારની બ્રેક લાઇટમાં સંતાડી દારૂની બોટલ, બેની ધરપકડ

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

આમ તો ગુજરાતમાં દારૂબંધી છે. પરંતુ સમગ્ર રાજ્યમાં દારુની હેરાફેરીની ચોંકાવનારી ઘટનાઓ સામે આવી રહી છે. એક તરફ બુટલેગરોને ઝડપવા માટે પોલીસ સતર્ક થઈને કામગીરી કરી રહી છે. છતા પણ દારૂની હેરાફેરી માટે બુટલેગરો સતત નવી-નવી મોડસ ઓપરેન્ડી અપનાવી રહ્યા છે. ત્યારે આવી જ એક ઘટના વડોદરામાં સામે આવી છે.

## ૨ થી ૫ એપ્રિલ દરમિયાન ખોડિયાર-ગાંધીનગર સેક્શનમાં આવેલ રેલવે ક્રોસિંગ નંબર ૨૦ બંધ રહેશે

। અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ ડિવિઝન પર ખોડિયાર-ગાંધીનગર રેલ્વે સેક્શન વચ્ચે આવેલ રેલ્વે ક્રોસીંગ નં. ૨૦ કિમી (૫૨૭/૧૦-૧૧) બીસીએમ મશીન દ્વારા ડીપ સ્ક્રીનીંગ કાર્ય માટે ૨ એપ્રિલ ૨૦૨૪ ના રોજ ૨૦:૦૦ વાગ્યાથી ૦૫ એપ્રિલ ૨૦૨૪ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે.

રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન રેલ્વે ક્રોસિંગ નંબર ૧૯ કિમી (૫૨૭/૩-૪) અને રેલ્વે અંડર બ્રિજ (RUB) કિમી (૫૨૮/૯-૧૧) નો ઉપયોગ કરી શકે છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨